પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૨૮૫ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૮-૦૭-૨૦૨૨ ગુરૂવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ઈડીની તપાસ, ધરપકડ અને સંપત્તિને એટેચ કરવાના અધિકારને સુપ્રીમ કોર્ટે યથાવત રાખ્યો

નવીદિલ્હી,

મની લોન્ડરિંગના વિભિન્ન કેસમાં પૂછપરછનો સામનો કરી રહેલા નેતાઓને સુપ્રીમ કોર્ટે રાહત ન આપી. મની લોન્ડરિંગ હેઠળ ઈડીની ધરપકડના અધિકારને સુપ્રીમ કોર્ટે યોગ્ય ઠેરવ્યો. કોર્ટે કહ્યું કે ઈડીની ધરપકડની પ્રક્રિયા મનમાની નથી.

સુપ્રીમ કોર્ટે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટની વિભિનેન જોગવાઈઓની માન્યતાને યથાવત રાખી. કોર્ટે કહ્યું કે અધિનિયમ હેઠળ જામીન માટે કડક શરતો કાનૂની છે, તે મનમાની નથી. અત્રે જણાવવાનું કે વિવિધ આરોપીઓ દ્વારા સુપ્રીમ કોર્ટમાં



લગભગ ૨૫૦ જેટલી અરજીઓ દાખલ થઈ હતી જેના પર સુનાવણી બાદ કોર્ટે આ આદેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં કહ્યું કે ઈડી અધિકારીઓ માટે મની લોન્ડરિંગના કેસમાં કોઈ અપરાધીને અટકાયતમાં લેવાનો સમય ધરપકડ આધારને જણાવવું જરૂરી નથી.

સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં ઈડીની તપાસ, ધરપકડ અને સંપત્તિને એટેચ કરવાનો અધિકાર યથાવત રાખ્યો છે. આ સાથે જ કોર્ટે કહ્યું કે તપાસ દરમિયાન ઈડી,એસએફઆઈઓ ડીઆરઆઈના અધિકારીઓ (પોલીસ ઓફિસર નહીં) સામે નોંધાયેલા નિવેદનો પણ કાયદેસર પુરાવા છે. આ સાથે જ કોર્ટે કહ્યું કે આરોપીને ઈસીઆઈઆર (ફરિયાદની કોપી) આપવી પણ જરૂરી નથી. આરોપીને જણાવી દેવામાં આવે કે તેને કા આરોપ હેઠળ ધરપકડ કરાઈ રહ્યા છે તે જણાવવું પુરતું છે.

કાર્તિ ચિદમ્બરમ, અનિલ દેશમુખની અરજી સહિત કુલ ૨૪૨ અરજીઓ પર આ ચુકાદો આવ્યો. કોર્ટે કહ્યું કે પીએમએલએ હેઠળ ધરપકડનો ઈડીનો હક યથાવત રહેશે. ધરપકડની પ્રક્રિયા મનમાની નથી. જસ્ટિસ એએમ ખાનવિલકર, જસ્ટિસ દિનેશ માહેશ્વરી અને સીટી રવિ કુમારની સ્પેશિયલ બેન્ચે આ ચુકાદો આપ્યો.

જસ્ટિસ ખાનવિલકરે ચુકાદો આપતા કહ્યું કે સવાલ એ હતો કે કેટલાક સંશોધન કરાયા છે, તે થઈ શકે તેમ નહતા. સંસદ દ્વારા સંશોધન કરી શકાતા હતા કે નહીં, આ સવાલ અમે ૭ જજોની પેનલ માટે ખુલ્લો છોડ્યો છે. કોર્ટે કહ્યું કે કલમ ૩ હેઠળ ગુનો ગેરકાયદેસર લાભ પર આધારિત છે. ૨૦૦૨ કાયદા હેઠળ અધિકારી કોઈના ઉપર ત્યાં સુધી કેસ ન ચલાવી શકે જ્યાં સુધી એવી ફરિયાદ કોઈ સક્ષમ મંચ સમક્ષ પ્રસ્તુત ન કરવામાં આવે. કલમ ૫ બંધારણીય રીતે માન્ય છે. આ એક સંતુલનકારી કાર્યપ્રદાન કરે છે અને દેખાડે છે કે અપરાધની આવકની ભાળ કેવી રીતે મેળવી શકાય.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે ઈડીના અધિકારીઓ માટે મની લોન્ડરિંગ મામલામાં કોઈ આરોપીને અટકાયતમાં લેવાનો સમય ધરપકડના આધારનો ખુલાસો કરવો જરૂરી નથી. કોર્ટે તમામ ટ્રાન્સફર અરજીઓને પછી સંબંધિત હાઈકોર્ટને મોકલી આપી. જે લોકોને વચગાળાની રાહત છે તે ચાર અઠવાડિયા સુધી રહેશે. જ્યાં સુધી ખાનગી પક્ષકાર કોર્ટ પાસેથી રાહત પાછી ખેંચવાની માંગણી ન કરે ત્યાં સુધી.

ચુકાદામાં સુપ્રીમે કહ્યું કે ૧. ધરપકડ કરવાની, જપ્ત કરવાની, મિલકતમે ટાંચમાં લેવાની, દરોડા પાડવાની અને નિવેદન લેવાની ઈડીની સત્તા જાળવી રાખવામાં આવી છે. ૨. સુપ્રીમ કોર્ટે કહ્યું કે ફરિયાદ ઈસીઆઈઆરને એફઆઈઆરની સાથે સરખાવી શકાય નહીં. આ ઈડીનો આંતરિક દસ્તાવેજ છે. ૩. સુપ્રીમ કોર્ટે કહ્યું કે આરોપીને ઈસીઆઈઆર રિપોર્ટ આપવો જરૂરી નથી. ધરપકડ દરમિયાન માત્ર કારણ બતાવવું પૂરતું છે.

હાલમાં સમગ્ર દેશમાં તપાસ માટે ઈડી પાસે ૩૦૦૦ કેસ નોંધાયેલા છે. કેન્દ્રએ લોકસભામાં એક પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે પીએમએલએ ૧૭ વર્ષ પહેલા અમલમાં આવ્યું હતું. ત્યારથી અત્યાર સુધીમાં તેના હેઠળ ૫,૪૨૨ કેસ નોંધાયા છે. માત્ર ૨૩ લોકો જ દોષિત જાહેર થયા છે. ઈડીએ અત્યાર સુધીમાં એક લાખ કરોડથી વધુની સંપત્તિ જપ્ત કરી છે અને ૯૯૨ કેસમાં ચાર્જશીટ દાખલ કરી છે.

### રાજ્ય સરકારનો સર્વે

## ભારે વરસાદથી ૯ જિલ્લાનાં ૨.૪૨ લાખ હેક્ટરમાં પાક ધોવાયો, ૬૧ હજાર હેક્ટરમાં ૩૩ ટકા કરતાં વધુ નુકસાન

ગાંધીનગર,

ગુજરાતમાં થોડા સમય અગાઉ થયેલા ભારે વરસાદને કારણે કચ્છ સહિત રાજ્યના ૯ જિલ્લામાં નુક્સાનીનો સર્વે પૂર્ણ કરવામાં આવ્યો છે. ૯ જિલ્લાના ૪૧ તાલુકાના ૩૦૭૦ ગામોમાં કુલ ૨૦૭ ટીમો દ્વારા પાક નુકસાન સર્વેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જે પૈકી હાલના તબક્કે ૨૩૪૬ ગામોમાં સર્વે પૂરો કરાયો છે. ભારે વરસાદને કારણે રાજ્યના ૯ જિલ્લાનાં ૨.૪૨ લાખ હેક્ટરમાં પાક ધોવાઈ ગયો હોવાનું સામે આવ્યું છે. જ્યારે ૬૧ હજાર હેક્ટરમાં ૩૩ ટકા કરતાં વધુ નુકસાન થયું છે.

ગુજરાતમાં અત્યાર સુધીમાં ૯ જિલ્લામાં વરસાદથી નુકસાનનો સર્વે પૂર્ણ કરવામાં આવ્યો છે. જેમાં સૌથી વધુ નુકસાન છોટાઉદેપુર જિલ્લામાં થયું છે. છોટાઉદેપુર જિલ્લાના ૮૮૦ ગામમાં ૧.૩૦ લાખ હેક્ટર વિસ્તારમાં અસર થઈ છે. જ્યારે અન્ય જિલ્લામાં પણ ભારે નુકસાન થયું છે.કયા જિલ્લામાં કેટલું નુકસાન થયું છે તેમાં નર્મદા-૫૪૭ ગામોમાં ૫૯૪૩૦ હેક્ટર વિસ્તારમાં અસર, છોટાઉદેપુર-૮૮૦ ગામોમાં ૧૩૦૫૫૫ હેક્ટર વિસ્તારમાં અસર,નવસારી- ૩૮૭ ગામોમાં ૯૪૫૭ હેક્ટર વિસ્તારમાં અસર,પંચમહાલ- ૩૯ ગામોમાં ૮૩૦ હેક્ટર વિસ્તારમાં અસર, સુરત-૯૬ ગામોમાં ૨૩૫.૩૫ હેક્ટર વિસ્તારમાં અસર, વલસાડ-૨૮૩ ગામોમાં ૬૩૪૮ હેક્ટર વિસ્તારમાં અસર, તાપી-૨૫૬ ગામોમાં ૭૪૪ હેક્ટર વિસ્તારમાં અસર, ડાંગ- ૩૧૦ ગામોમાં ૨૦૮૦૭ હેક્ટર વિસ્તારમાં અસર, કચ્છ-૩૫૨ ગામોમાં ૧૩૯૭૯ હેક્ટર વિસ્તારમાં અસર થઈ છે.

ઝોન પ્રમાણે વરસાદની સ્થિતિ જોઈએ તો કચ્છમાં ૨૧ ઈંચ સાથે ૧૧૭ ટકા, ઉત્તર ગુજરાતમાં ૧૫ ઈંચ સાથે ૫૫.૭૭ ટકા, મધ્ય ગુજરાતમાં ૧૯ ઈંચ સાથે ૬૦ ટકા, સૌરાષ્ટ્રમાં ૧૭ ઈંચ સાથે ૬૧.૩૨ ટકા જ્યારે દક્ષિણ ગુજરાતમાં ૪૭ ઈંચ સાથે ૮૧.૯૨ ટકા વરસાદ નોંધાયો છે. રાજ્યની વાત કરીએ તો સરેરાશ ૨૩ ઈંચ સાથે ૬૯.૨૨ ટકા વરસાદ નોંધાયો છે. ઉલ્લેખનીય છે કે ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં સૌથી ઓછો વરસાદ નોંધાયો છે.

૩૫ જળાશયોમાં ૧૦૦ ટકાથી વધુ જળસંગ્રહ થયો છે. જ્યારે ૪૧ જળાશયોમાં ૭૦ ટકાથી ૧૦૦ ટકાની વચ્ચે, ૩૩ જળાશયોમાં ૫૦ ટકાથી ૭૦ ટકાની વચ્ચે, ૪૧ જળાશયોમાં ૨૫ ટકાથી ૫૦ ટકાની વચ્ચે, ૫૬ જળાશયોમાં ૨૫ ટકાથી ઓછો જળસંગ્રહ થયો છે. આ જળાશયોમાં ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયો, મધ્ય ગુજરાતના ૧૭ જળાશયો, દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયો, કચ્છના ૨૦ જળાશયો અને સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોનો સમાવેશ થાય છે. રાજ્યમાં ૩૫ જળાશયો ૧૦૦ ટકાથી વધુ જ્યારે ૧૮ જળાશયો ૯૦ ટકાથી ૧૦૦ ટકા વચ્ચે ભરાતા હાઈએલર્ટ પર છે. ૦૮ જળાશયો ૮૦ ટકાથી ૯૦ ટકા ભરાતા એલર્ટ પર તથા ૧૪ જળાશયો ૭૦ ટકાથી ૮૦ ટકા ભરાતા સામાન્ય ચેતવણી આપવામાં આવી છે.

### યુક્રેનથી પરત ફરેલા ભાવિ ડૉક્ટરોનું ભાવિ અનિશ્ચિત !

## ભારતમાં MBBS કરવા ૫૦ લાખથી ૧ કરોડ થાય જ્યારે યુક્રેનમાં ૨૨ લાખમાં જ પડે !

નવીદિલ્હી,

યુક્રેનમાં યુદ્ધ ફાટી નીકળતા ભારત પરત ફરેલા ૨૦ હજાર મેડિકલ છાત્રોનું ભાવિ જોખમમાં મુકાયું છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય રાજ્યમંત્રી ડો. ભારતી પ્રવીણ પવારે ગતરોજ મંગળવારે રાજ્યસભામાં સ્પષ્ટ કર્યુ હતું કે વિદેશમાં અભ્યાસ કરતા છાત્રોનો 'સ્ક્રીનિંગ ટેસ્ટ વિનિમય -૨૦૦૨' તેમજ વિદેશી ચિકિત્સા સ્નાતક લાઈસન્સ વિનિમય-૨૦૨૧'અંતર્ગત સમાવેશ થાય છે.

ભારતીય ચિકિત્સા પરિષદ અધિનિયમ- ૧૯૫૬ અને રાષ્ટ્રીય ચિકિત્સા આયોગ અધિનિયમ-૨૦૧૯ અન્વયે વિદેશમાં અભ્યાસ કરતા કોઈ પણ મેડિકલ છાત્રનો દેશની કોલેજોમાં સમાવેશ કરી શકાયનહીં. તેથી, યુક્રેનથી પરત આવેલા કોઈ પણ ભારતીય છાત્રને દેશની શૈક્ષણિક સંસ્થામાં સમાવવા મંજૂરી નથી આપવામાં આવી.




ભારતીય દૂતાવાસ છાત્રોની મદદ કરી રહ્યું છે. દૂતાવાસની મદદથી યુક્રેનની તમામ મેડિકલ યુનિવર્સિટી-કોલેજોનો સંપર્ક કરી અભ્યાસની સામગ્રી ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. જોકે, ભારતીય વિદ્યાર્થીઓ શા માટે યુક્રેન અભ્યાસ માટે જવું પડે છે તેના કારણોમાં દેશની સરકારી મેડિકલ કોલેજોમાં માત્ર પસંદગીના વિદ્યાર્થીઓને જ પ્રવેશ મળે છે, બાકીના વિદ્યાર્થીઓ માટે ખાનગી કોલેજોનો વિકલ્પ છે, પરંતુ આ કોલેજોમાં અભ્યાસનો ખર્ચ રૂ ૫૦ લાખથી રૂ ૧ કરોડ સુધીનો હોય છે જ્યારે યુક્રેનમાંએમબીબીએસનો અભ્યાસ ૨૦ થી ૨૨ લાખમાં જ થાય છે. જ્યારે આપણા દેશમાં એક કરોડ રૂપિયા પણ ખર્ચાય છે,વળી યુક્રેનમાં અભ્યાસ કરવાનો સૌથી મોટો ફાયદો એ છે કે ત્યાંની મેડિકલ ડિગ્રી ભારતમાં તેમજ ડબ્લ્યુએચઓ, યુરોપ અને બ્રિટનમાં માન્ય છે. યુક્રેનના તબીબી વિદ્યાર્થીઓ વિશ્વના કોઈપણ ભાગમાં પ્રેક્ટિસ કરી શકે છે.

બીજું કે ભારતમાં મેડિકલ અભ્યાસ માટે ઘણી હરીફાઈ છે. દેશમાં મેડિકલની એક લાખ બેઠકો માટે ૧૭ લાખ વિદ્યાર્થીઓ અરજી કરે છે. તેમાંથી ૧૬ લાખ વિદ્યાર્થીઓને પ્રવેશ મળતો નથી. ભારતમાં મોટાભાગના વિદ્યાર્થીઓ સરકારી કોલેજોમાં એડમિશન લેવા માંગે છે, પરંતુ આ કોલેજોની મેરિટ લિસ્ટમાં બહુ ઓછા વિદ્યાર્થીઓ આવતા હોય ન છૂટકે મેડીકલ ફિલ્ડના વિદ્યાર્થીઓ યુક્રેન ભણવા જાય છે પણ યુદ્ધ થતા હવે તેઓ અટવાઈ ગયા છે.

## ૧૧ હજાર કરોડ ખર્ચ કર્યા બાદ પણ કેમ ગંગા પ્રદુષિત છે : વરૂણ ગાંધી

નવીદિલ્હી,

ભાજપના સાંસદ વરૂણ ગાંધીએ એકવાર ફરી કેન્દ્ર પર પ્રહારો કર્યા છે.રેલવે અને બેરોજગારીના મુદ્દા બાદ હવે મોદી સરકારની મહત્વકાંક્ષી યોજના નમામિ ગંગેનેને લઈને નિશાન સાધ્યું છે.તેમણે યોજનાની સફળતાને લઈ સવાલ ઉઠાવ્યા છે અને પુછયું છે કે ૧૧,૦૦૦ કરોડ રૂપિયા ખર્ચ કર્યા બાદ પણ ગંગા નદી પ્રદુષિત કેમ છે.

યોજનાની સફળતા પર સવાલ



ઉઠાવતા ગાંધીએ એ પણ પુછયું છે કે નદીઓની હાલના સમયે જે હાલત છે તેના માટે કોણ જવાબદાર છે.તેમણે એક ટ્વીટ કરી આ બધા સવાલ ઉઠાવ્યા છે.તેમાં તેમણે લખ્યું ગંગા અમારા માટે ફકત નદી નથી માતા છે.કરોડો દેશવાસીઓના જીવન,ધર્મ અને અસ્તિત્વનો આધાર છે મા ગંગા.આથી નમામિ ગંગે ઉપર ૨૦.૦૦૦ કરોડનું બજેટ બન્યું.૧૧,૦૦૦ કરોડ ખર્ચ છતાં પ્રદુષણ કેમ.દંદા તો જીવનદાયિની છે તો પછી ગંદા પાણીના કારણે માછલીઓના મોત કેમ,જવાબદારી કોની.વરૂણ ગાંધીએ આ ટ્વીટની સાથે ગંગાની એક વીડિયો પણ પોસ્ટ કરી છે.તેમાં ગંગા કિનારે મરેલી માછલીઓ અને ગંદુ પાણી નજરે પડી રહ્યું છે.

નમામિ ગંગે યોજના જળ શક્તિ મંત્રાલય હેઠળ આવે છે અને આ યોજના કેન્દ્રીય મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતની અધ્યક્ષતામાં ચલાવવામાં આવી રહી છે. યોજનાની શરૂઆત સરકારે ૨૦૧૪-૧૫માં શરૂ કરી હતી સરકારે ૨૦૧૫-૨૦૨૦ની મુદ્દત માટે આ યોજના માટે ૨૦,૦૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા હતાં.

એ યાદ રહે કે બે દિવસ પહેલા ભાજપ સાંસદે ઉત્તરપ્રદેશના બુંદેલખંડ એકસપ્રેસ વેની સ્થિતિને લઈ કેન્દ્ર સરકાર પર પ્રહારો કર્યા હતાં તેમણે ટ્વીટ કરી એકસપ્રેસ વેના નિર્માણ પર સવાલ ઉઠાવ્યા હતાં.તેમણે કહ્યું હતું કે ૧૫૦૦ કરોડના ખર્ચે બનેલ એકસપ્રેસ વે પાંચ દિવસનો વરસાદ પણ સહન કરી શકયો નહીં એ યાદ રહે કે આ મહીનાની શરૂઆતમાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ એકસપ્રેસ વેનું ઉદ્‌ઘાટડન કર્યું હતું અને વરસાદને કારણે પાંચ દિવસ બાદ જ આ એકસપ્રેસ વે ઘસી પડયો હતો.

## દેશની જુદી-જુદી બેક્રોમાં ૪૮,૨૬૨ કરોડ રુપિયાની જમા રકમનું કોઈ દાવેદાર નથી

મુંબઈ,

દેશની જુદી-જુદી બેક્રોમાં ૪૮,૨૬૨ કરોડ રુપિયાની જમા રકમનું કોઈ દાવેદાર નથી અને નિષ્ક્રિય ખાતાઓમાં નાણા પડ્યા છે તે વિશે હવે રિઝર્વ બેક્ર કાર્યવાહી કરી રહી છે. રિઝર્વ બેક્રનાં રિપોર્ટ પ્રમાણે છેલ્લા ૧૦ વર્ષમાં નિષ્ક્રિય ખાતામાં વ્યવહાર ન થયા હોય તેનું લિસ્ટ આપવા બેક્રોને સૂચવવામાં આવ્યું હતું. તેના આધારે જુદા-જુદા ખાતાઓમાં ૪૮,૨૬૨ કરોડ જમા હોવાનું માલુમ પડ્યું છે.

ગુજરાત, તામીલનાડુ, પંજાબ, મહારાષ્ટ્ર, બંગાળ, કર્ણાટક, બિહાર, તેલંગાણા અને આંધ્રપ્રદેશની બેક્રોમાં સૌથી વધુ આવા નાણા હોવાનું બહાર આવ્યું છે. વાર્ષિક રિપોર્ટમાં જણાવાયા મુજબ એક જ વર્ષમાં લાવારીસ નાણાની માત્રામાં ૯૦૦૦ કરોડ જેવો મોટો વધારો થયો છે. ૨૦૨૦-૨૧માં બેક્રોમાં ૩૯,૨૬૪ કરોડ હતા તેનું કોઈ દાવેદાર ન હતું. ૨૦૨૧-૨૨માં આ રકમ વધીને ૪૮,૨૬૨ કરોડ થઈ છે.

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

સુધીર લક્ષ્મીચંદ અગ્રવાલ

તરફથી અભીનંદન....

મુ. મોટીઝરી,
તા. દે.બારીઆ,
જી. દાહોદ

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

હસમુખભાઇ ચીમનભાઈ બારીઆ

તરફથી અભીનંદન....

મુ. સાલીયા-કરોધ ફળીયા,
તા. દે.બારીઆ,
જી. દાહોદ



# મહીસાગર જીલ્લાના પોલીસ વિભાગ દ્વારા વાહનચોરી અને મોબાઈલ ચોરીની ફરીયાદ અંગે E-FIR એપ્લીકેશન માધ્યમનો શુભારંભ



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

લુણાવાડા,

આધુનિક ટેકનોલોજીની મદદથી વાહનચોરી અને મોબાઇલ ચોરીની ફરીયાદ નોંધાવવી સરળ બની છે. ભારત સરકારના ગૃહમંત્રી અમિતભાઇ શાહ વરદ હસ્તે વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત નવનિર્મિત રાજ્ય વ્યાપી Rolloute- Fir systemનો શુભારંભ કરવામાં આવેલ છે. ત્યારે ગુજરાત રાજ્યએ ઈ-એફ.આઈ.આરની અનોખી પહેલ શરૂ કરી છે. આ એપથી હવે વાહન/મોબાઇલ ચોરીની ફરિયાદ માટે પોલીસ સ્ટેશન જવાની જરૂર નથી. ગુજરાત પોલીસની સિટીઝન પોર્ટલ અથવા સિટીઝન ફર્સ્ટ મોબાઈલ એપથી ગમે ત્યાંથી ઓનલાઇન ફરિયાદ નોંધાવી શકાય છે. ફરિયાદની કોપી પણ એપ પરથી મેળવી શકાય છે. ૪૮ કલાકમાં પોલીસ ફરિયાદીનો સંપર્ક કરી બનાવની જગ્યાની મુલાકાત લેશે. નાગરીકોને ફરિયાદની તપાસની પ્રગતિ બાબતે SMS થી જાણ થશે. સાથે વીમા કંપનીને પણ જાણ થશે જેથી વીમો મેળવવામાં સરળતા રહેશે. ૨૧ દિવસમાં તપાસ પૂર્ણ કરી કોર્ટમાં રિપોર્ટ મોકલવામાં આવશે. ગુજરાત સરકાર દ્વારા આ પહેલ કરવામાં આવતા મહિસાગર જીલ્લામાં પોલીસ વિભાગ દ્વારા આ એપ્લિકેશન કાર્યરત કરવામાં આવી છે. આ e- Fir એપ્લીકેશન જનજાગૃતિ અંગે મહિસાગર જીલ્લાના તમામ નાગરીકો માહિતગાર થાય અને તેઓને જરૂરિયાત સમયે ઉપયોગી થાય તે હેતુસર મહિસાગર જીલ્લાના પોલીસ અધિક્ષક દ્વારા જીલ્લાના તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં અલગ અલગ કોલેજ, શાળાઓ સહિત વિવિધ સ્થળો પર કાર્યક્રમ આયોજન કરવામાં આવનાર છે અને આ કાર્યક્રમમાં ગોધરા રેન્જ નાયબ પોલીસ મહાનિરીક્ષક અને જીલ્લા પોલીસ અધિક્ષકની વિશેષ ઉપસ્થિતિ રહેશે તેમજ કાર્યક્રમ દ્વારા આ e-Fir એપ્લીકેશનને સીટીઝન ફસ્ટ એપ ગુગલ પ્લે સ્ટોર/એપ સ્ટોર પરથી ડાઉનલોડ કરી વાહન ચોરી અને મોબાઈલ ચોરી અંગે ફરીયાદ કેવી રીતે કરી શકાય તેમજ અદ્યતન તકનીકી સેવાઓનો ઘરે બેઠા લાભ લઇ શકે માર્ગદર્શન આપનાર છે. તેમ એક અખબારી યાદીમાં લુણાવાડા વિભાગ નાયબ પોલીસ અધિક્ષકએ જણાવ્યું છે.

## સંતરામપુર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં વાહન અને મોબાઈલ ચોરી માટે પોલીસે જનજાગૃતિ કાર્યક્રમ યોજ્યો

સંતરામપુર,

સંતરામપુર આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં વાહન મોબાઈલ ચોરી માટેની જિલ્લાના પોલીસવાળા દ્વારા જનજાગૃતિનો કાર્યક્રમ યોજવામાં આવેલો હતો. આ કાર્યક્રમમાં જિલ્લાના પોલીસવાળા એસપી સહિત સંતરામપુરના પીઆઇ મછાર, પીએસઆઇ કલાસવા, સતિષભાઈ મછાર, પોલીસ સ્ટાફ દ્વારા કાર્યક્રમ યોજીને માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવેલું હતું. કોલેજના પ્રોફેસર આચાર્ય ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓ સંતરામપુર નગરના વેપારી, અગ્રણીઓ, વેપારી મંડળ મહીસાગર જિલ્લાના પ્રમુખ દશરથસિંહ બારીયા, મોહનભાઈ દાદા સહિત આગેવાનો હાજર રહ્યા હતા. મોબાઈલ એપ દ્વારા વાહન ચોરી, મોબાઈલ ચોરી કઈ રીતે ફરિયાદ નોંધાવી સંપૂર્ણ માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવેલું હતું.

કેમિકલ કાંડ વચ્ચે આજે પીએમ મોદી ગુજરાત આવશે

# હિંમતનગરમાં સાબર ડેરીના પ્લાન્ટની મુલાકાત લઈને વિવિધ પ્રોજેક્ટનુ લોકાર્પણ કરશે



હિમતનગર,

ગુજરાતના કેમિકલ કાંડની કરુણાંતિકા વચ્ચે આવતીકાલે પીએમ મોદી ગુજરાત આવશે. તેઓ સાબરકાંઠા સ્થિત સાબર ડેરીના પ્લાન્ટની મુલાકાત લઈને વિવિધ પ્રોજેક્ટનુ લોકાર્પણ કરશે. જેના બાદ તેઓ જંગી જનસભાને સંબોધન કરશે. કેમિકલ કાંડ વચ્ચે તેમની આ મુલાકાત ખાસ બની રહેશે.

આવતીકાલે સવારે ૧૦ કલાકે પીએમ મોદી ગુજરાત પહોંચશે. તેના બાદ તેઓ સાબરકાંઠાની સાબર ડેરીમાં જશે. અહીં તેઓ ૩૦૫ કરોડના ખર્ચે બનેલા પાવડર પ્લાન્ટ, ૧૨૫ કરોડના ખર્ચે બનેલા પેકેજીંગ યુનિટનું લોકાર્પણ કરશે. તથા ૬૦૦ કરોડના ખર્ચે બનનારા ચીઝ પ્લાન્ટનું ખાત મુહૂર્ત કરશે. આ ઉપરાંત સુકન્યા યોજના અન્વયે દિકરીઓને ખાતા ખોલવાનો કાર્યક્રમ અને મહત્તમ દૂધઉત્પાદન કરનાર મહિલા પશુપાલકોનું સન્માન કરવામાં આવશે. પ્રધાનમંત્રી જિલ્લાના પ્રગતિશીલ મહિલા ખેડૂતો તેમજ આદિવાસી મહિલા દૂધ ઉત્પાદકો સાથે મુલાકાત કરશે. તેના બાદ તેઓ જંગી જનસભાને સંબોધન કરશે. કાર્યક્રમ બાદ પીએમ મોદી ગુજરાતથી સીધા ચેન્નાઈ જવા રવાના થશે.

આવતીકાલે પીએમ સાંબરકાંઠામાં હોઈ સાબરડેરી, ગઢોડા અને આસપાસની ૩ કિમીની ત્રિજ્યામાં સમગ્ર વિસ્તારમાં જાહેરનામુ બહાર પાડવામા આવ્યુ છે. જમીનથી આકાશ તરફ તુક્કલ, ફુગ્ગા, પતંગ, વાવટા ડ્રોન, સિન્થેટીક પ્લાસ્ટિક તેમજ કપડા હાથમાં ફરકાવવા અને ઉડાડવા ઉપર પ્રતિબંધ મૂકાયો છે. જિલ્લા કલેક્ટરે સલામતી અને સુરક્ષા માટે ત્રણ દિવસ માટે આ જાહેરનામુ બહાર પાડ્યું છે. જાહેરનામુ ૨૬ જુલાઈથી ૨૮૮ જુલાઈ સુધી ત્રણ દિવસ અમલમાં રહેશે.

કોઠાસૂઝ અને અડગ નિશ્ચય હોય તો કોઈ કઠિનમાં કઠિન કામ પણ પાર પડી શકે તેની પ્રતીતિ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના દૂધ ઉત્પાદકોએ કરાવી છે. ઠંડી, ગરમી અને વર્ષા એમત્રણેય ઋતુની પરાકાષ્ઠાનો સતત સામનો કરતા આ બંને જિલ્લા આજે દૂધ ઉત્પાદનથકી 'શ્વેત વિકાસ' ની પરાકાષ્ઠા તરફ ડગ માંડવા સજ્જ બન્યો છે. છેલ્લા અઠઠાવન વર્ષમાં સાબર ડેરીએ વિકાસની હરણફાળ ભરીને નવા આયામો સર કર્યા છે. 'સ્વ'ના બદલે બીજાના હિતનો વિચાર કરીને ભુરાભાઈ પટેલની આગેવાનીમાં સાબર ડેરીનીસ્થાપના થઈ હતી જે આજે વટવૃક્ષ બની છે. હાલના સમયમાં સાબર ડેરીસાબરકાંઠા ખેડૂતોની જીવાદોરી છે. આજે સાબર ડેરી આખા દેશમાં જાણીતું નામ બની ગયું છે. આ ડેરીએ છેલ્લાં ૫૮ વર્ષમાં ઉડીને આંખે વળગે એવી અદભુત કામગીરી કરી છે, જેના કારણે તે માત્ર ભારતમાં જ નહીં પણ વિશ્વની સૌથી ઝડપથી વિકસતી ડેરી પણ બની ગઈ છે.

સાબર ડેરીના ચેરમેન શામળ પટેલ કહે છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીનું સાબર ડેરીને દીઘર્દ્રષ્ટીપૂર્ણ માર્ગદર્શન સમયાંતરે મળતું રહ્યું છે. તેમણે આપેલા વિચારબીજ ક્રમશઃ વટવૃક્ષ બનતા જાય છે. તેના ફળ આજે સાબરકાંઠા જિલ્લા સહિત ઉત્તર ગુજરાત અને આસપાસના લોકો મેળવી રહ્યા છે એમ તેમણે ઉમેર્યું હતું. વર્ષ ૧૯૬૪-૬૫માં માત્ર ૧૯ દૂધ મંડળીથી શરૂ થયેલી ડેરી આજે ૧૭૯૮ કાર્યરત દૂધ મંડળી ધરાવે છે. એ જ રીતે માત્ર ૨૯ સભાસદો સાથે શરૂ થયેલી ડેરી આજે ૩,૮૪,૯૮૬ સભાસદોનું સુદ્રઢ પીઠબળ ધરાવે છે. સ્થાપના સમયે એટલે કે વર્ષ ૧૯૬૪-૬૫માં માત્ર ૦.૦૫ લાખ લિટર દૂધ સંપાદનથી શરૂઆત કરી. આજે દૈનિક સરેરાશ ૩૩.૨૭ લાખ લીટર પ્રતિદિન દૂધનું સંપાદન કરવામાં આવી રહ્યું છે.

કેમિકલ કાંડમાં ભાજપ ચૂપ

# અત્યાર સુધી કોઈ ભાજપી નેતાએ રોજીદના પીડિત પરિવારોની મુલાકાત લેવાની તસ્દી સુદ્ધા ન લીધી

બોટાદ,

ગુજરાતમાં કેમિકલ કાંડ સર્જાઈ ગયો અને અત્યાર સુધી ૫૦ લોકો મોતને ભેટ્યા, પરંતુ હજી સુધી ભાજપ ચૂપ છે. એક પણ નેતાઓ પ્રજાની સામે આવ્યા નથી. તો આરોગ્ય મંત્રી અને શિક્ષણ મંત્રીએ ભાવનગરમાં દર્દીઓની મુલાકાત કરીને પીંડલુ વાળી દીધું. ત્યારે જ્યાં કરુણાંતિકાનુ મૂળ હતું એ રોજીદમાં ભાજપે સૌથી પહેલા પોતાના નેતા અલ્પેશ ઠાકોરને મોકલ્યા છે. અત્યાર સુધી કોઈ ભાજપી નેતાએ રોજીદના પીડિત પરિવારોની મુલાકાત લેવાની તસ્દી સુદ્ધા ન લીધી. બાકીના નેતાઓ ગાંધીનગરમાં બેસીને માત્ર બેઠકો કરી રહ્યાં છે. અલ્પેશ ઠાકોરે રોજીદ ગામે પહોંચીને કેમિકલ કાંડના પીડિત પરિવારોને સાંત્વના આપી. તો તેમની સાથે વાતચીત કરી હતી. સાથે પોતાના જ પક્ષના ધારાસભ્યો વિશે તેમણે કહ્યુ કે, ધારાસભ્યોએ જનતા રેડ કરવાની જરૂર હતી. કેમ ચૂપ બેઠા, થોડી તો હિંમત બતાવો.

અલ્પેશ ઠાકોર આજે રોજીદ ગામમાં કેમિકલ કાંડના પીડિત પરિવારોને સાંત્વના આપવા પહોંચ્યા હતા. કેમિકલ કાંડના ઘણા પીડિત પરિવારોએ તેમનો મોભી ગુમાવ્યો છે. તો કેટલાક પરિવારોના ૨ થી ૭ વર્ષના બાળકોએ પિતાનો સાયો ગુમાવ્યો. ઘરની મહિલાઓ ધણી વિહોણી બની છે. આવામાં ત્યારે અલ્પેશ ઠાકોરે મૃતકોના પરિવારજનો સાથે વાત કરી હતી. રોજીદના મનીષાબેનના પતિનું કેમિકલ કાંડના કારણે મૃત્યુ થયું. તેમની બે બાળકીઓ કુમળી વયે પિતાના પ્રેમથી વંચિત થઈ ગઈ છે. ત્યારે મનીષાબેનના પરિવાર સાથે અલ્પેશ ઠાકોરે મળીને સાંત્વના પાઠવી.

અલ્પેશ ઠાકોરે કહ્યુ હતું કે, કયા શબ્દોમાં વેદના ઠાલવું તે સમજાતું નથી. એક બાળકીને ખબર નથી કે તેના પિતા ગુજરી ગયા છે. અહીં એક બે પરિવાર નશાનો ધંધો કરે છે અને ઘણા પરિવારોએ પોતાના સભ્યો ગુમાવવા પડ્યા છે. જોવું છું ત્યારે પરિવાર ખૂબ નિરાધાર છે. ફાસ્ટ ટ્રેક કોર્ટમાં કાર્યવાહી થાય તેવી મારી સરકાર પાસે માંગણી છે. આ પરિવારોને સરકારની સહાયની જરૂર છે. સિસ્ટમમાં જેમ ભ્રષ્ટ અધિકારીઓ છે, તેમ સારા અધિકારીઓ પણ છે. દારૂ વેચી નેતાઓ ક્યારેય દારૂબંધી નહિ કરાવી શકે. જો અધિકારીઓ પાસે પ્રમાણિકતાની અપેક્ષા હોય તો નેતાઓએ પણ પ્રામાણિક થવું પડશે. ધારાસભ્યોએ જનતા રેડ કરવાની જરૂર હતી. કેમ ચૂપ બેઠા, થોડી તો હિંમત બતાવો. આપના નેતા ગોપાલ ઈટાલિયા પણ રોજીદ ગામે પીડિત પરિવારોની મુલાકાત કરી હતી

## પીએમ નરેન્દ્ર મોદીના શાસનકાળમાં ઈડીના દરોડામાં ૨૭ ગણો વધારો

નવીદિલ્હી,

નરેન્દ્ર મોદીના શાસનકાળ ૨૦૧૪-૨૨માં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ના દરોડામાં ૨૭ ગણાનો વધારો થયો છે. જે ૨૦૦૪થી ૨૦૧૪ના ગાળામાં માત્ર ૧૧૨ સર્ચ જેટલી જ રહી હતી. ૨૦૧૪-૨૨માં આ આંકડો વધીને ૩,૦૧૦ થયો છે તેવી માહિતી રાજ્યસભામાં અપાઈ હતી. રાજ્યકક્ષાના નાણાં મંત્રી પંકજ ચૌધરીએ રાજ્યસભામાં એક લેખિત જવાબમાં કહ્યું હતું કે જૂના કેસોમાં પેન્ડિંગ તપાસના નિકાલ તેમજ નવા કેસોમાં તપાસ નિયત સમયમાં પૂર્ણ કરવામાં સર્ચની સંખ્યામાં વધારો થયો હતો.

ઈડીના દરોડામાં ૨૦૧૪ પછી આશરે ૯૦ ટકાનો વધારો થયો છે કે કેમ? તેવા શિવસેના સાંસદ પ્રિયંકા ચતુર્વેદીના સવાલના જવાબમાં ચૌધરીએ જવાબ આપ્યો હતો.

છેલ્લા આઠ વર્ષમાં કુલ ૯૯,૩૫૬ કરોડની સંપત્તિ જપ્ત કરાઈ છે. ૮૮૮ કેસો નોંધાયા છે અને ૨૩ આરોપીઓ સામે કાનૂની પ્રક્રિયા હાથ ધરાઈ છે. લ્લેખનીય છે કે સરકાર ઈડી જેવી સંસ્થાઓ પર આધારિત રહીને વિપક્ષોને અવાજ દબાવવા માગે છે તેવા આક્ષેપો છેલ્લાં અનેક વર્ષોથી થઈ રહ્યા છે. પીએમએલએ કાયદો ૨૦૦૨માં ઘડાયો હતો અને તેનો અમલ પહેલી જુલાઈ, ૨૦૦૫માં અમલી બનાવાયો હતો. ૨૦૦૪-૨૦૧૪ સુધી કોંગ્રેસની યુપીએ સરકાર સત્તામાં હતી.

## લઠ્ઠાકાંડમાં મોતની હાફ સેન્ચુરી! મૃત્યુઆંક વધીને ૫૫ને પાર, મરનારાઓની સંખ્યા વધશે

અમદાવાદ,

ગુજરાતમાં ફરી એકવાર લઠ્ઠાકાંડ સર્જાયો છે,બોટાદના રોજિદ ગામમાં ઝેરી દારૂ પીવાથી અત્યાર સુધી ૫૫ લોકોના મોત થઈ ગયા છે, અને ૧૦૦થી વધુ લોકોની હાલત નાજુક છે અને જુદી જુદી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. હજુપણ મૃત્યુઆંક વધી શકે છે.રાજ્યાના હ્રઁએ પ્રેસ કોન્ફરન્સમાં મોટો ખુલાસો કર્યો હતો કે પાણીમાં કેમિકલ આપીને દારૂ વેચવામાં આવ્યું છે,આ એક કેમિકલકાંડ છે.હાલ પોલીસ એકશનમાં આવી છે રાજ્યમાં ચાલતા દેશી દારૂના અડ્ડા પર દરોડા પાડવામાં આવી રહ્યા છે, રાજકોટ,સુરત,વડોદરા સહિત અનેક શહેરોમાં બૂટલેગરો સામે કડક કાર્યવાહીના આદેશ આપવામાં આવ્યા છે. સોમવારે સાંજે સર્જાયેલા કથિત લઠ્ઠાકાંડમાં ધીરે ધીરે કરીને મોતનો આંકડો બુધવારે સવાર સુધી ૪૧ પર પહોંચી ગયો. અમદાવાદ અને બોટાદ કેમિકલ કાંડમાં અત્યાર સુધીનો ૫૫ લોકોનાં મોત થયા છે. તો ૧૦૦ લોકો હજી પણ જીવન અને મોત સામે ઝઝૂમી રહ્યાં છે.

ઉલ્લેખનીય છે કે એફએસએલની તપાસમાં જણાયું કે અમૂક સેમ્પલમાં ૯૮.૭૧ ટકા તથા ૯૮.૯૯ ટકા મિથાઈલ આલ્કોહોલની હાજરી જણાઈ હતી. સારવાર હેઠળ દર્દીઓની ટ્રીટમેન્ટ ડોક્ટર તથા આ ઝેરી કેમિકલના એન્ટીડોટ સંદર્ભે એફએસએલના અધિકારીઓના માર્ગદર્શન હેઠળ ચાલી રહી છે.

## ૭૩મો વન મહોત્સવની ઉજવણી ૧૨મી ઓગસ્ટના રોજ સુરેન્દ્રનગર જિલ્લાના ધોળીધજા ડેમ ખાતે કરાશે

ગાંધીનગર,

પ્રવકતા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું છે કે, જિલ્લા મથકોએ વન મહોત્સવની ઉજવણી કરવાનું આયોજન કર્યું હતું અને અનેક વનોનું લોકાર્પણ કર્યું છે. જેના ભાગરૂપે આ વર્ષનો ૭૩મો વન મહોત્સવ સુરેન્દ્રનગર જિલ્લાના ધોળી ધજા ડેમ ખાતે આગામી ૧૨મી ઓગસ્ટના રોજ યોજાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે સાંસ્કૃતિક વન-વટેશ્વર વનનું લોકાર્પણ કરાશે. ધોળીધજા ડેમ

પ્રવકતા મંત્રી એ ઉમેર્યુ કે, ધોળીધજા ડેમ ખાતેથી મુખ્યમંત્રીના વરદ હસ્તે ૭૫ જેટલા નમોવનનું વર્ચ્યુઅલી લોકાર્પણ કરાશે.જિલ્લા મથકોએ યોજનારા જિલ્લાકક્ષાના કાર્યક્રમો જિલ્લા પ્રભારી મંત્રીઓ ના અધ્યક્ષસ્થાને યોજાશે.જિલ્લા મથકોએ વિનામૂલ્યે રોપાઓનું વિતરણ પણ કરાશેતેમણે ઉમેર્યુ કે, "વટેશ્વર વન" ની સ્થાપના ધોળીધજા ડેમ અને વડવાળા મંદિરની નજીક કરવામાં આવી રહી છે. આ વનનુ નિર્માણ આયુષ ઔષધીઓ આધારિત છે. આ વનમાં અદાજે ૭૫૦૦૦ જેટલા રોપાઓનુ વાવેતર કરવામાં આવ્યું છે.

વનવિકાસ અને વનસંવર્ધનના ક્ષેત્રમાં દેશભરના અગ્રેસર રાજયોમાંનું એક આપણું ગુજરાત રાજય છે. ગુજરાતે અનેક ક્ષેત્રે પહેલ કરી દેશને એક નવી રાહ ચીંધીં છે. રાજયની પ્રજાનો ઉત્સાહ અને સહયોગ અદ્રિતીય રહ્યો છે.રાજયમાં ૧૦.૩૫ કરોડ વૃક્ષો વાવેતર વિતરણ કરવાનું આયોજન કરાયું છે. ગુજરાત રાજ્યનું વન વિભાગ વૃક્ષો અને વનો જાળવવા, વૃક્ષ આચ્છાદિત વિસ્તારને વધારવા માટે ખૂબ સક્રિય પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. વન વિભાગની સામુહિક યોજનાઓ, મારફતે શાળા અને કોલેજોના કંપાઉન્ડમાં, સરકારી, ખાનગી અને બિન સરકારી સંસ્થાઓના મેદાનમાં,સ્મશાનની જગ્યા ઉપર, તળાવો અને સરોવર ઉપર, રસ્તા, રેલ્વે તથા નહેરકાંઠા પર વનીકરણ કરવામાં આવે છે તેમ તેમણે ઉમેર્યું છે.

## રાજ્યમાં વરસાદનું જોર ઘટ્યું રાજ્યના કુલ પાંચ તાલુકાઓમાં ૩ ઈંચથી વધુ વરસાદ

ગાંધીનગર,

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં સરેરાશ ૬૯ ટકા વરસાદ વરસ્યો છે. સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકામાં ૯૬ મિ.મી., સરસ્વતીમાં ૮૩ મિ.મી., ભિલોડામાં ૮૦ મિ.મી., ઉમરપાડામાં ૭૨ મિ.મી. અને સતલાસણામાં ૬૪ મિ.મી., મળી કુલ રાજ્યના કુલ પાંચ તાલુકાઓમાં ૩ ઈંચથી વધુ વરસ્યો હોવાના અહેવાલ છે. રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તારીખ ૨૫ જુલાઈ ૨૦૨૨ના રોજ સવારે ૬.૦૦ કલાક પુરા થતાં ૨૪ કલાક દરમિયાન પાટણ તાલુકામાં ૬૦ મિ.મી., કોન્ટમાં ૫૯ મિ.મી., વાગરામાં ૫૭ મિ.મી., સિદ્ધપુરમાં ૫૬ મિ.મી., ખંભાતમાં ૫૪ મિ.મી., અને પ્રાંતિજમાં ૫૦ મિ.મી., મળી રાજ્યના ૬ તાલુકાઓમાં બે ઈંચ કરતા વધુ વરસાદ અને રાજ્યના બીજા ૨૯ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્યનો કુલ સરેરાશ વરસાદ ૬૯ ટકા જેટલો નોંધાયો છે. જેમાં કચ્છ ઝોનમાં સૌથી વધુ ૧૧૭.૧૬ ટકા, દક્ષિણ ગુજરાત ઝોનમાં ૮૧.૯૨ ટકા, સૌરાષ્ટ્ર ઝોનમાં ૬૧. ૩૨ ટકા, પૂર્વ ગુજરાતમાં ૬૦. ૩૮ ટકા અને ઉત્તર ગુજરાતમાં ૫૫.૭૭ ટકા કુલ વરસાદ નોંધાયો હોવાના અહેવાલ છે.

## આપની આજ.......

મેષ : આર્થિક મામલામાં આજનો દિવસ તમારી તરફેણમાં રહેશે. જો તમે રોકાણ કરવા માગતા હો તો આજનો દિવસ સારો રહેશે. પારિવારિક જીવનમાં સુસંગતતા રહેશે, પરંતુ તમારે વાણી અને વર્તન પર સંયમ રાખવો પડશે.

વૃષભ : આજનો દિવસ માનસિક ગૂંચવડવાળો દિવસ બની શકે છે. તમારે વિવિધ કાર્યો અને યોજનાઓમાં સામેલ થવું પડી શકે છે. આર્થિક વ્યવહાર અને ધંધા માટે દિવસ સાનુકૂળ રહેશે.

મિથુન : મનોબળ વધુ રહેશે. વિદ્યાર્થીઓએ ભણવા પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે, મન ટેક્નિકલ ચીજો તરફ વધુ આગળ વધશે. આર્થિક મામલામાં ઉદ્યોગપતિઓ માટે આજનો દિવસ સારો છે.

કર્ક : આજે તમારા જ્ઞાનનો વિકાસ થશે. કાર્યસ્થળમાં પરિસ્થિતિ સામાન્ય રહેશે, પરંતુ માર્કેટિંગ અને વેચાણથી સંબંધિત લોકો પર લક્ષ્ય દબાણ રહેશે. ધંધામાં લાભ વધશે.

સિંહ : દિવસની શરૂઆત રોમાંસથી થશે, પરંતુ વધારે પડતું ખાવાનું ટાળો. કાર્યક્ષેત્રમાં ભૂતકાળના અધૂરા કામ અને લક્ષ્ય પર દબાણ રહેશે. કોઈપણ મહત્વપૂર્ણ વસ્તુની ખરીદી માટે તૈયાર થઈ શકો છો.

કન્યા : લોકો માટે ક્ષેત્રમાં જવાબદારીઓનું દબાણ રહેશે, પરંતુ અધિકારીઓનો સહયોગ રહેશે. જો તમે કોઈ નવું કાર્ય અથવા યોજના શરૂ કરવાનું વિચારી રહ્યાં છો, તો આગળ વધો.

તુલા : આજનો દિવસ તમારા માટે પ્રોત્સાહક છે. મોટા ભાઈ-બહેનોનો સહયોગ મળશે. તમે આજે સાહસ અને જોખમી કાર્યમાં પણ હાથ મિલાવી શકો છો. વેચાણ માર્કેટિંગ કરનારા લોકો આ અઠવાડિયામાં તેમના લક્ષ્યાંક વિશે વિચારશીલ રહેશે. શક્ય હોય તો વધારે લોકોમાં ફરવાનું ટાળો.

વૃશ્ચિક : આજનો દિવસ વૃશ્ચિક રાશિના લોકો માટે ઉતાર-ચઢાવથી ભરપૂર રહેશે. આજે ઉતાવળમાં કોઈ મહત્વપૂર્ણ નિર્ણય ના લેશો, નુકસાન થઈ શકે છે.

ધનુ : આજનો દિવસ તમારા માટે મિશ્ર ફળદાયક રહેશે, તમારી મહેનત સફળતાનો આધાર બનશે, નસીબથી વધુ અપેક્ષા ના રાખો. તમે કેટલીક જૂની બાબતો વિશે વિચારશો.


મકર : આજનો દિવસ સામાન્ય રહેશે. પારિવારિક જીવનનો આનંદ માણી શકશો, જીવનસાથીનો સહયોગ મળશે. જો કોઈ મહત્વપૂર્ણ કાર્ય કરવામાં આવે તો સુખ પ્રાપ્ત થશે. સાથીઓ અને મિત્રોનો સહયોગ મળશે.

કુંભ : આજે તમારું રોકાયેલુ કામ ચાલશે, તમારા ભાઈ-બહેનો સાથે સહયોગ અને સંકલન રહેશે. કોઈ રસિક કામ હાથમાં આવતા તમે આનંદિત થશો. આર્થિક મામલામાં તમે ચિંતિત છો.

મીન : તમને આજે ક્ષેત્રમાં ટેક્નિકલ જ્ઞાન અને અનુભવનો લાભ મળશે. તમને ધર્મમાં રસ રહેશે. કોઈ જૂના મિત્ર અને સંબંધીનો સંપર્ક કરી શકો છે. સ્વાસ્થ્યની બાબતમાં તમારે જાગ્રત રહેવું પડશે. સંક્રમણનો સમય ચાલુ છે, સંયમ રાખો અને પરિવાર સાથે રહો. સંતુલિત ભોજન લો.

# ઈડીએ સોનિયા ગાંધીને ૧૨ કલાકમાં પૂછ્યા ૧૦૦ પ્રશ્નો, કોંગ્રેસના કાર્યકરોએ દેશભરમાં 'સત્યાગ્રહ' કર્યો

## તેમની ત્રણ દિવસમાં ૧૨ કલાક પૂછપરછ કરવામાં આવી, ફરીથી બોલાવવામાં આવ્યા નથી



નવીદિલ્હી,

નેશનલ હેરાલ્ડ કેસ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં સતત બીજા દિવસે કોંગ્રેસના વચગાળાના અધ્યક્ષ સોનિયા ગાંધીની પૂછપરછ હવે પૂરી થઈ ગઈ છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે બુધવારે પણ મની લોન્ડરિંગના આરોપમાં સોનિયા ગાંધીની લગભગ ૪ કલાક સુધી પૂછપરછ કરી હતી. તેમને ત્રણ દિવસમાં ૧૨ કલાકમાં ૧૦૦ થી વધુ પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. તેમને ફરીથી બોલાવવામાં આવ્યા નથી.

મની લોન્ડરિંગ કેસમાં મંગળવારે સોનિયા ગાંધીની છ કલાક સુધી પૂછપરછ કરવામાં આવી હતી. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના અધિકારીઓએ કહ્યું કે તેણી પ્રશ્નોના જવાબ આપવા માટે "ઉતાવળમાં" હતી. આ પહેલા સોનિયા ગાંધીના પુત્ર અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીને પાંચ દિવસ સુધી પૂછપરછ કરવામાં આવી હતી અને લગભગ ૧૫૦ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા.

અધિકારીઓએ જણાવ્યું કે સોનિયા ગાંધીને નેશનલ હેરાલ્ડ અખબાર અને યંગ ઈન્ડિયન પ્રાઈવેટ લિમિટેડ સાથે તેમની સંડોવણી અંગે કથિત રીતે પૂછપરછ કરવામાં આવી હતી. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ તેમના નિવેદનને રાહુલ ગાંધીના નિવેદન સાથે મેચ કરશે કારણ કે બંને યંગ ઈન્ડિયનમાં બહુમતી હિસ્સેદારો છે.

ભારતના પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નહેરુ દ્વારા સ્થાપિત નેશનલ હેરાલ્ડ અખબાર ચલાવતી કંપની એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ (એજેએલ)ના યંગ ઈન્ડિયનના સંપાદન સાથે સંકળાયેલા 'નેશનલ હેરાલ્ડ કેસ'માં ગાંધી પરિવારની તપાસ કરવામાં આવી રહી છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટનું કહેવું છે કે યંગ ઈન્ડિયને એજેએલની સંપત્તિમાં ૮૦૦ કરોડથી વધુ રકમ લીધી હતી. આવકવેરા વિભાગના જણાવ્યા અનુસાર, તેને યંગ ઈન્ડિયનના શેરધારકો સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીની મિલકત તરીકે ગણવામાં આવે, જેના માટે તેમણે ટેક્સ ચૂકવવો જોઈએ.

કોઈપણ ગેરરીતિનો ઈનકાર કરતી વખતે, કોંગ્રેસ દાવો કરે છે કે યંગ ઈન્ડિયન એ 'નોન-પ્રોફિટ' કંપની છે અને તેથી મની લોન્ડરિંગનો કોઈ પ્રશ્ન નથી. ત્રણેય દિવસની પૂછપરછ દરમિયાન કોંગ્રેસ અધ્યક્ષ તેમની પુત્રી પ્રિયંકા ગાંધી વાડ્રા સાથે તપાસ એજન્સીની ઓફિસમાં ગયા હતા. મેડિકલ સ્ટાફને પણ સ્ટેન્ડબાય રાખવામાં આવ્યો હતો.

દિલ્હીમાં ગાંધી પરિવારની પૂછપરછના દરરોજ, કોંગ્રેસે ભારે સુરક્ષા હોવા છતાં રસ્તા પર ભારે વિરોધ પ્રદર્શન કર્યા અને પોલીસ સાથે ઘર્ષણ કર્યું. કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોની આજે પોલીસ સાથે ઘર્ષણ પણ થયું હતું. રાહુલ ગાંધીની મંગળવારે દિલ્હીના મધ્યમાં સંસદથી વિજય ચોક સુધીની કૂચ દરમિયાન અટકાયત કરવામાં આવી હતી. આજે પણ કોંગ્રેસે દેશભરમાં કેન્દ્ર સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું.

નેશનલ હેરાલ્ડ કેસમાં ઈડી દ્વારા સોનિયા ગાંધીની પૂછપરછના વિરોધમાં કોંગ્રેસના કાર્યકરોએ મુંબઈના બોરીવલી રેલ્વે સ્ટેશન પર ટ્રેન રોકવાનો પ્રયાસ કર્યો. રેલવે અધિકારીઓના જણાવ્યા અનુસાર કેટલાક લોકો ટ્રેન રોકવા આવ્યા હતા પરંતુ તેઓ સફળ થયા ન હતા, તેમની અટકાયત કરવામાં આવી છે. મહારાષ્ટ્ર યુથ કોંગ્રેસના પ્રમુખ કુણાલ રાઉતની અધ્યક્ષતામાં યુથ કોંગ્રેસના કાર્યકરોએ મંગળવારે જીપીઓ ચોક ખાતે કેન્દ્ર સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા અને કારને આગ ચાંપી હતી. ત્યારે આ જ મુદ્દે કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોએ શહેરના સંવિધાન ચોક ખાતે સત્યાગ્રહના નામ પર ધરણા કર્યા હતા.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી વિલાસ મુત્તેમવારે કહ્યું કે ઈડી ખોટું અને અલોકતાંત્રિક કામ કરી રહી છે. તપાસ એજન્સીઓનો ઉપયોગ કરીને દેશમાંથી વિરોધને ખતમ કરવાનું આ ષડયંત્ર છે. કોંગ્રેસના નાગપુર એકમના પ્રમુખ વિકાસ ઠાકરે અને પાર્ટીના મહારાષ્ટ્ર એકમના સોશિયલ મીડિયા વિભાગના વડા વિશાલ મુત્તેમવારે કહ્યું કે સરકાર જે રીતે વિપક્ષને ખતમ કરવાનો પ્રયાસ કરી રહી છે, આવો પ્રયાસ પહેલા ક્યારેય થયો ન હતો.કોંગ્રેસના નેતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું, "સોનિયા ગાંધીની તબિયત સારી નથી પરંતુ તેમ છતાં તેમને હેરાન કરવામાં આવી રહ્યા છે. તેમને લાગે છે કે આમ કરવાથી કોંગ્રેસના કાર્યકરોનું મનોબળ તૂટી જશે પરંતુ અમે પાછળ હટવાના નથી. આ પહેલા પણ ૨૭ જુલાઈના રોજ, કોંગ્રેસના સાંસદોએ સંસદથી વિજય ચોક સુધી કૂચ કરી અને ઈડીની તપાસનો વિરોધ કર્યો.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# ગરબાડા તાલુકાના અભલોડમાં રસ્તે રઝળતા રાજાની નગરીના પુરાવા

- અભેસિંહ નામના રાજા રાજકરતા હોવાથી સ્થાનિક ગ્રામજનો તેને અભયનગરી પણ કહે છે.
- સમય જતા આ ગામનું નામ અભદોદ અને હાલમાં અભલોડ તરીકે ઓળખાય છે.
- અંદાજે ૧૦૦ એકર વિસ્તારમાં નગરીના ખંડેર અવશેષો તેના ભવ્ય ભૂતકાળની સાક્ષી પુરી રહ્યા છે.
- બોલતા પુરાવા પૌરાણિક અવશેષોનો ભંડાર છતાં પુરાતત્ત્વ વિભાગને જોવાનો સમય નથી.





દાહોદ,

દાહોદ જિલ્લાના અંતરિયાળ વિસ્તારના ગામોમાં આજે પણ ભારત દેશની પ્રાચીન ભવ્ય સંસ્કૃતિના અવશેષો ધરબાયેલા જોવા મળી શકે છે. જેમાં બાવકા ગામનું શિવ પંચાયત મંદિર જાલત નગરી દસલા ગામનું શિવ મંદિર ગરબાડા રામનાથ મહાદેવ મંદિર ગડોઈ ગામની પાણીની વાવ તથા શિવ મંદિર સહિતના અનેક પ્રાચીન પુરાવાઓ જિલ્લામાં જોવા મળી રહેશે. વાત કરીએ દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના અભલોડ ગામની તો ગામના ખેડા ફળિયામાં પ્રાચીન નગરી હોવાના અવશેષો અંદાજે ૧૦૦ એકર જમીનમાં ફેલાયેલા જોવા મળે છે. આ ભગ્ન અવશેષો કોઈ મોટી સમૃદ્ધ અને સંસ્કૃતિક વિરાસતના હોવાનું જણાઈ રહ્યું છે. પુરાતત્વ વિભાગ દ્વારા આ બાબતે રસ દાખવી તપાસ કરાય તો ભવ્ય ભૂતકાળ બહાર આવે તેમ છે.

ગરબાડાના અભલોડ ગામમાં હજારો વર્ષ જૂની અભેસિંહ નામના રાજાની નગરીના ભગ્નન અવશેષો બાબતે તપાસ કરતા ગામના ખેડા ફળિયાના સો એકર જેટલા વિસ્તારમાં ભવ્ય નગરીના ખંડિત અવશેષો ઠેરઠેર તેના ભવ્ય ભૂતકાળની સાક્ષી પુરી રહ્યા છે. જેમાં અમુક ઠેકાણે મહેલના પીલ્લરો છે, તો અમુક ઠેકાણે મોટા કાળા પથ્થરોની દિવાલો છે, ખંડિત પ્રતિમાઓ છે, નકશીકામ કરેલા પથ્થરો છે અને તે જમાનાનું અતિ પૌરાણિક વૈજનાથ મહાદેવ શિવ તથા હનુમાનજીનું મંદિર પણ છે. જે મંદિરમાં પણ અનેક નકશી કામ કરેલી મૂર્તિ અને રૂદ્રાક્ષ મુખી શિવલિંગ છે. ગર્ભગૃહના ભાગમાં પણ તે સમયનું નકશીકામ જોવાય છે. શિવ મંદિરની અંદર ગણેશજી, ઉમિયા માતા સહિત નંદી બિરાજમાન છે પાસે જ હનુમાનજી અને ગણેશની અતિપૌરાણિક ભવ્ય પ્રતિમા પણ આવેલ છે. લોકવાયકા મુજબ વર્ષો પહેલા ખેડા ફળિયામાં અભય નગરી હતી. જેમાં અભેસિંહ નામના રાજા રાજ કરતા હતા. અભલોડ ગામનું નામ રાજાના નામ પરથી અભય નગરી બાદ અભદોદ અને પછી અભલોડ થયું હતું. મંદિરની થોડેક જ પાસે એક વિશાળ પથ્થર આવેલ છે. જે પથ્થરને ગ્રામજનો લાંબો ટુકો પથ્થર કહે છે, આ પથ્થર બંને બાજુથી ગમે તેટલી વાર પણ માપો તો પણ તેનું માપ અલગ જ આવે છે. તેમજ ખેડા ફળિયામાં આસપાસના વિસ્તારમાં આજે પણ ખોદકામ કરવામાં આવે તો જૂના જમાનાની ઈંટો અને પથ્થરો નીકળે છે. તે સત્ય સનાતન સત્ય છે, જ્યારે ખેડા ફળિયા લુહાર વિસ્તારમાં એક ખેતરમાં રાજાની નગરીના મહેલના બે ઉભા પિલ્લરોની નીચે દટાયેલી ગુફા તેમજ વાવ પણ આવેલી હોવાનું પણ સ્થાનિકો દ્વારા જાણવા મળે છે. ગ્રામજનો ત્યાં પૂજા અર્ચના કરે છે. તેમજ આ ખેતરમાં જ્યારે પણ પાણી ફેરવવામાં આવે છે. ત્યારે પિલ્લરોવાળા ભાગમાં પાણી સડસડાટ અંદર જતું રહે છે. પુરાતત્વ વિભાગ દ્વારા આ બાબતે તપાસ કરાય તો ૧૦૦ એકરમાં ફેલાયેલ નગરીના ભવ્ય અવશેષો તેના ભવ્ય ભૂતકાળ સાથે બહાર આવે તેમ છે.

રાજાને સંતાનો ન થતા હોવાથી તેઓએ સંતાન પ્રાપ્તિ માટે શિવજીના અનેક મંદિરો આ વિસ્તારમાં બનાવ્યા હતા. જે પૈકીનું એક અભલોડના ખેડા ફળિયામાં આવેલ છે. જેમાં રૂદ્રાક્ષ મુખી પૌરાણિક શિવલિંગ છે. જે તે સમયની ચાર જેટલી જલાધારીઓ પણ છે. જેમાંથી એક અભલોડ મંદિરમાં છે. એક જેસાવાડા મંદિરમાં છે. એક જુગરા ફળિયામાં અને એક તળાવમાં છે. કહેવાય છે કે રાજાના દ્વારા નિર્મિત કરેલ આ વૈજનાથ શિવ મંદિરમાં જેને બાળકો ન થતા હોય તેઓ માનતા રાખે તો જરૂર પૂરી થાય છે. આ મંદિર જાગૃત મહાદેવ તરીકે પણ ઓળખાય છે. મંદિરની પાસે જ પીપળાનું વૃક્ષ છે જે પણ મંદિરના સમય જેટલું જુનું છે.
**પ્રવીણભાઈ પંચાલ સ્થાનિક રહીશ.**

# લીમખેડાનું આ સ્વ સહાય જૂથ બનાવે છે લાકડાના ઓજારો, શસ્ત્રો અને રમકડાં



લીમખેડા,

વડોદરામાં યોજાયેલા સખીમેળામાં દાહોદના લીમખેડા તાલુકાના મોટી બાંડીબાર ગામના મહાકાળી સખી મંડળના એક સ્ટોલે સૌનું આકર્ષણ ખેંચ્યુ હતું. આજકાલ મોબાઈલ યુગમાં જીવતા માનવી આપણી પ્રાચીન રમતો, પ્રાચીન ઓજારો, રમત ગમતના સાધનો અને જૂની રમતો વિસરાતી જાય છે.

મોટી બાંડીબાર ગામના આ સ્વ સહાય જૂથ દ્વારા તીર કાંમઠા ગોફણ, ટોપલી, ગોરાણી ટોપલી, રોટલી મૂકવાની છાબડી, ફોલ્ડેડ તીરકામઠું, સૂપડા, સાવરણા જેવી વસ્તુઓ જંગલના લાકડામાંથી બનાવવામાં આવે છે. એમાં જે હથિયારો છે તેનો નિર્દોષ ઉપયોગ જંગલી જાનવરોની બચવા કરવામાં આવતો હોય છે. તેમનું ફોલ્ડેડ તીરકામઠું છે તેમાં એક સાથે ૪-૫ તીર છોડી શકાય છે.

તેઓ કહે છે કે આ તમામ વસ્તુઓ તેઓ સંપૂર્ણપણે હાથથી બનાવે છે અને જંગલમાંથી લાકડું લાવી જાતે બનાવે છે આ પ્રકારના સ્વસહાય જુથની તેમણે એક વર્ષ પહેલા એક લાખના રોકાણથી શરૂઆત કરી હતી જે સરકારની લોન લઈ આ ગૃહ ઉદ્યોગ સ્થાપ્યો હતો. આમાં મુખ્યત્વે સાગ સીસમ વાસ, રબ્બર, પ્રાકૃતિક કલર વગેરે વસ્તુઓ વાપરવામાં આવે છે.

આ જૂથના બહેનો સરકારના આવા મેળામાં દિલ્હી મુંબઈ હૈદરાબાદ સુધી આવી એન્ટીક વસ્તુઓના વેચાણ માટે જઈ આવી છે. લોકો આપણી યુદ્ધ કળા, આપણા જુના ઓજારો આપણી જૂની રમતો ભૂલી ગયા છે. એક માત્ર નાના ગોફણની જ વાત લઈ લો. ખેતરમાં જયારે વાવણી કરી હોય અને પક્ષીઓ અનાજ બગડતા હોય તો ગોફણમાં પત્થર મૂકી ને ગોળ ફેરવીને છુટો ઘા કરવાથી સમસ્યાથી છુટકારો મેળવી શકાય છે.

ગીલ્લોર જોઈ લો. આજથી ૨૦-૩૦ વર્ષ પહેલા છોકરાઓ શેરી મહોલ્લામાં જાતે બનાવીને તેનાથી નિશાન તાકતા શીખતા અને સમય પસાર કરતા. આજે છોકરાઓ મોબાઈલમાં જ મશગુલ હોય છે. કલર કરેલા રંગબેરંગી અવનવા તીર-કમઠા, ગીલ્લોર, ગોફણ,ભાલા જેવા ડમી શાસ્ત્રો ખરીદીને આપણે આપણો સંસ્કૃતિક વરસો જાળવી શકીએ, બાળકોને આપણી વિરાસતની ઝાંખી કરાવી શકીએ સાથે સાથે આવા આર્ટીઝનને રોજગારી પણ આપી શકીએ.

# ગરબાડાના નીમચ ગામે સરપંચના પિતા સરપંચના લેટરપેડના હોદ્દાનો દુરઉપયોગ કરી હેરાન કરતાં હોવાના આક્ષેપ



દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના નીમચ ગામની ગ્રામ પંચાયતના સરપંચના પિતા દ્વારા સરપંચના લેટરપેડ કે હોદ્દાનો દુરઉપયોગ કરી હેરાનગતિ કરતાં હોવાના આક્ષેપો સાથે એક અરજદાર દ્વારા દાહોદ જિલ્લા કલેક્ટર તેમજ જિલ્લા મેજીસ્ટ્રેટને લેખિત રજુઆત કરી હોવાનું જાણવા મળે છે.

ગરબાડા તાલુકાના નીમચ ગામે રહેતાં અમલીયાર પ્રેમાભાઈ ખુનજીભાઈ દ્વારા દાહોદ જિલ્લા કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટને આપવામાં આવેલ લેખિત અરજીમાં જણાવ્યાં અનુસાર, પોતાને સરપંચના લેટરપેડ પર લખાણ કરી સરપંચના પિતા અમલીયાર ભારતસિંહ નાનાભાઈ દ્વારા વારંવાર પ્રેમાભાઈના છોકરાને વોટ કેમ નહીં આપ્યો, કહી અંગત દુશ્મની કાઢીને નોટીસો મોકલાવીને સત્તાનો દુરઉપયોગ કરી ખોટી રીતે હેરાન કરી પ્રતાડીત કરવામાં આવી રહ્યાં હોવાના આક્ષેપો કર્યાં હતાં વધુમાં જણાવ્યાં અનુસાર, નોટીસનો જવબા આપ્યો હોવા છતાં મકાન અને દિવાલ તોડી આપવાની અને તમે મારા છોકરાને વોટ કેમ નહીં આપ્યો, એવું મૌખિક કહી હવે તમને નહીં છોડુ, એવી ધમકીઓ આપીને સરપંચના લેટરપેડ પર લખાણ કરી વારંવાર નોટીસો આપી હેરાન કરવામાં આવી રહ્યાં છે તેમજ પોતાના માલિકીની જમીનમાં મકાનો અને દિવાલો તોડી પાડવાની ધમકીઓ પણ આપવામાં આવી રહ્યાંના આક્ષેપો સાથે અમલીયાર પ્રેમાભાઈ ખુનજીભાઈ દ્વારા દાહોદ જિલ્લા કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટને લેખિત અરજી કરી ન્યાયની માંગણી કરી હતી.



સીંગવડમાં ઔદ્યોગિક તાલીમ સંસ્થા રણધિકપુર ખાતે તાલુકા કક્ષાનો રોજગાર ભરતી મેળો યોજાયો હતો. જેમાં ૧૦૦ થી વધુ યુવાનોએ ભાગ લીધો હતો અને ૬૩ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરાઈ છે. ભરતી મેળા ખાતે સ્વરોજગાર શિબિરનું આયોજન કરાયું હતું. જેમાં યુવાનોને સ્વરોજગારી માટે માર્ગદર્શન અપાયું હતું. ભરતી મેળામાં પંચમહાલ, વડોદરા, અમદાવાદના નોકરીદાતાઓ ઉપસ્થિત રહ્યાં હતા. ભરતી મેળામાં ધોરણ ૧૦ અને ૧૨ ઉપરાંત આઈટીઆઈ તેમજ ગ્રેજયુએટ સહિતની લાયકાત ધરાવતા ઉમેદવારોએ ભાગ લીધો હતો. રોજગાર વિનિમય કચેરી, દાહોદે આ ભરતી મેળાનું આયોજન કર્યું હતું.

# દે.બારીયાના અસાયડી પાસે ટ્રકમાં આગ લાગતાં ચાલકનો આબાદ બચાવ

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારિઆ તાલુકાના અસાયડી નજીક ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે પર દોડતી એક ટ્રકમાં ઓચિંતી આગ ફાટી નીકળી હતી. જોકે આગના બનાવમાં ચાલકે સતર્કતા વાપરી ટ્રકને રોડની સાઈડમાં ઉભી રાખી રાખતા ચાલકનો બચાવ થયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર દેવગઢ બારિયા તાલુકાના અસાયડી ગામે ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે પર GJ-16-M-9814 નંબરનો ટ્રક પૂરઝડપે પોતાના ગંતવ્ય સ્થાન તરફ જઈ રહ્યું હતું. તે સમયે ટ્રકમા ઓચિંતી આગ ફાટી નીકળી હતી. કોઈ કંઈ સમજે તે પહેલાં જ આગ વધુ ફેલાતા ચાલકે ટ્રકને રોડની સાઈડમાં ઉભી રાખતા ચાલકનો બચાવ થયો હતો. આ આગના બનાવની જાણ દેવગઢબારિયા ફાયર બ્રિગેડને કરવામાં આવી હતી. જેવા દેવગઢબારિયા ફાયર બ્રિગેડના લાશ્કરોએ તાબડતોડ ઘટનાસ્થળે દોડી આવી આગ પર પાણીનો મારો ચલાવી આગ ઓલવી દીધી હતી.

# દાહોદ જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ઈડી ના દુરઉપયોગના આક્ષેપ સાથે વિરોધ પ્રદર્શન



દાહોદ,

કોંગ્રેસના અધ્યક્ષ સોનીયા ગાંધી અને તેમના પુત્ર રાહુલ ગાંધીને નેશનલ હેરાલ્ડ કેસમાં ઈ.ડી. દ્વારા તેડુ આવતાં આ મામલે દાહોદ જિલ્લા કોંગ્રેસ સમિતિના આગેવાનોએ આજરોજ ભારતીય જનતા પાર્ટી ઉપર ભારે આક્ષેપો કરી દાહોદમાં ધરણા પ્રદર્શન કરવામાં આવ્યાં હતાં. કોંગ્રેસ પાર્ટીના અગ્રણી એવા સોનીયા ગાંધી અને તેમના પુત્ર રાહુલ ગાંધીને નેશનલ હેરાલ્ડ કેસમાં ઈ.ડી. દ્વારા તપાસ કરવામાં આવી રહી છે અને આ મામલે સોનીયા ગાંધી અને રાહુલ ગાંધીને ઈ.ડી.એ પુછપરછ માટે બોલાવવામાં આવી રહ્યાં છે. અગાઉ આ કેસમાં રાહુલ ગાંધીને પુછપરછ માટે બોલાવવામાં આવ્યાં હતા. ત્યારે કેટલાંક દિવસોથી સોનીયા ગાંધીને પણ પુછપરછ માટે બોલાવવામાં આવી રહ્યાં છે. ત્યારે આ મામલે દેશના કેટલાંક સ્થળોએ કોંગ્રેસ પાર્ટી દ્વારા પ્રદર્શનો પણ યોજવામાં આવી રહ્યાં છે. ત્યારે દાહોદ જિલ્લા કોંગ્રેસ સમિતિના આગેવાનો દ્વારા આજરોજ દાહોદ શહેરમાં નેહરૂ બાગ ખાતે ધરણા પ્રદર્શન યોજવામાં આવ્યાં હતાં અને ભારતીય જનતા પાર્ટી ઉપર આક્ષેપો પ્રતિ આક્ષેપો પણ કરવામાં આવ્યાં હતા. જેમાં દાહોદના ધારાસભ્ય વજેસિંહ પણદા દ્વારા જણાવ્યાં અનુસાર, કેન્દ્રની ભારતીય જનતા પાર્ટી દ્વારા સોનીયા ગાંધી અને તેમના પુત્ર રાહુલ ગાંધીને ખોટી રીતે હેરાન પરેશાન કરવામાં આવી રહ્યાં છે. કોંગ્રેસના અગ્રણીઓને જેલમાં નાંખી જેવાની ધમકીઓ પણ આપવામાં આવી રહી છે. ખોટી રીતે કોંગ્રેસને હેરાન કરવામાં આવી રહ્યાં છે. જેવા અનેક આક્ષેપો સાથે આજરોજ દાહોદ જિલ્લા કોંગ્રેસ સમિતિના આગેવાનોએ દાહોદમાં ધરણા પ્રદર્શન યોજ્યાં હતાં.

# ભમેલા ખાતે આમ આદમી પાર્ટીની બેઠક યોજાઈ : ૧૦ લોકો આપમાં જોડાયા



તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

સંજેલી,

સંજેલી તાલુકાના ભમેલા ખાતે આમ આદમી પાર્ટીની વિધાનસભના સંગઠન મંત્રીની અદયક્ષતામાં બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિધાનસભાની ચૂંટણીને ધ્યાને લઇ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦ લોકોએ આપ પાર્ટીમાં જોડાયા હતા. આ મિટિંગમાં સુરેશભાઈ ડીંડોર, વિધાનસભાના સંગઠન મંત્રી જીગ્નેશાબેન પારગી, લાલસિંગભાઈ તાવીયાડ, સુરેશભાઈ વળવાઈ, જીગ્નેશ પારગી સહિત તાલુકાના હોદ્દેદારો અને કાર્યકર્તાઓએ હાજરી આપી હતી.

# ભ્રષ્ટાચાર વિરૂદ્ધની અરજીનું સમાધાન કરવા TDO દ્વારા દબાણ અને ધમકી આપતાં DDOને રજુઆત

દાહોદ,

વિકાસના કામો પર કરેલ ભ્રષ્ટાચાર વિરૂદધ અરજીઓનું સમાધાન કરવા તાલુકા વિકાસ અધિકારી દ્વારા દબાણ અને ધમકી આપી સમાધાન કરવા માંગ કરી તેના પર યોગ્ય તપાસ કરી સસ્પેન્ડ કરવાની માંગણી અને અનેક આક્ષેપો કરી બે વ્યક્તિઓએ આ મામલે દાહોદ જિલ્લા વિકાસ અધિકારીને લેખિત રજુઆત કરી હોવાનું જાણવા મળે છે.

બારીયા ભરતભાઈ અને બારીયા પર્વતભાઈ નામક બે વ્યક્તિઓ દ્વારા દાહોદ જિલ્લા વિકાસ અધિકારીને કરેલ લેખિત અરજીમાં જણાવ્યાં અનુસાર, પોતે છેલ્લા ૪,૫ મહિનાઓથી પંચાયતથી લઈને ગુજરાત તકેદારી આયોગ સુધીના હુકમો લાવ્યાં પણ તાલુકા પંચાયત લેવલેથી કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવતી ન હોવાના આક્ષેપો કરવામાં આવ્યાં છે. વધુમાં જણાવ્યાં અનુસાર, પંચાયતી સ્તરના અધિકારીઓ ખોટા રીપોર્ટ કરી તેઓની તપાસની માંગને સાઈડ કરી દેવામાં આવે છે. તારીખ ૨૫.૦૭.૨૦૨૨ના રોજ તાલુકા વિકાસ અધિકારી જગતસિંહ ઠાકોર દ્વારા તેમના ચેમ્બરમાં બોલાવીને વિસ્તરણ અધિકારી, નાયબ તાલુકા વિકાસ અધિકારી, તાલુકા પંચાયત પ્રમુખ સામે બંન્નેને તેઓનો ફોન સ્વીચ ઓફ કરાવીને ધમકી આપવામાં આવી અને કહેલ કે, તમારી તપાસ ના થાય, તમે દિલ્હી પણ જઈ આવશો તો કંઈ નહીં, તમને હું પાંચ કરોડનો માનહાનીનો કેસ કરીશ, જેવી બાબતો કરી તાલુકા વિકાસ અધિકારીના ચેમ્બરમાં સમાધાન કરવા ધમકીઓ આપવામાં આવી હોવાના આક્ષેપો સાથે અનેક તપાસની અરજીઓનો નિકાલ કરવામાં આવતો નથી જેમાં દા.ત. સુભાષભાઈ પારગીની વર્ષ ૨૦૨૦/૨૧માં કરેલ શૌચાલયના ગ્રાન્ટની આર.ટી.આઈ.ની અરજી. આમ, ઉપરોક્ત બાબતની ગંભીરતાને ધ્યાને લઈ તપાસ કરી પોતાને ન્યા મળે તેવી આશા સાથે દાહોદ જિલ્લા વિકાસ અધિકારીને લેખિત રજુઆત કરવામાં આવી હતી.

# દાહોદનાં બાવકા ખાતે ઉજ્જ્વલ ભારત ઉજ્જ્વલ ભવિષ્ય કાર્યક્રમ દંડક રમેશભાઈ કટારાના અધ્યક્ષતામાં યોજાયો



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદનાં બાવકા ખાતે ઉજ્જ્વલ ભારત ઉજ્જ્વલ ભવિષ્ય કાર્યક્રમ ગુજરાત વિધાનસભા દંડક રમેશભાઈ કટારાના અધ્યક્ષતામાં યોજાયો હતો. ગુજરાત સરકારના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ દ્વારા આયોજીત આ કાર્યક્રમમાં વિધુત ક્ષેત્રે ભારતે મેળવેલી સીમાચિહ્નરૂપ સિદ્ધિઓ અને દેશમાં વર્ષ ૨૦૪૭ સુધીની વિજળી ક્ષેત્રે હાંસલ કરવાના લક્ષ્યાંકો વિશે મહાનુભાવો એ વિગતે વાત કરી હતી. કાર્યક્રમમાં લાભાર્થી નાગરિકોને યોજનાઓના લાભ યોજનાઓ વિશે માહિતી અપાઇ હતી.

આ પ્રસંગે દંડક રમેશભાઈ કટારાએ જણાવ્યું કે, આજે દાહોદ જિલ્લા બાવકા ગામે આઝાદી ના ૭૫ વર્ષ દેશના પુર્ણ થયા ત્યારે એના ભાગરૂપે ઉજ્જ્વલ ભારત ઉજ્જ્વલ ભવિષ્ય કાર્યક્રમ યોજાયો છે. જિલ્લામાં એક સમયે વિજળી ક્ષેત્રે ખૂબ વિષમ પરિસ્થિતિ હતી. ગામડામાં પહેલા વાવાઝોડાથી વિજ થાંભલી પડી ગયી હોય તો બે મહીના રાહ જોવી પડતી હતી. હવે વિજ સમારકામ ઝડપ ભેર પુર્ણ કરવામાં આવે છે.

તેમણે જણાવ્યું કે, દાહોદમાં બે દાયકા અગાઉ અને અત્યારની પરિસ્થિતિમાં મોટો તફાવત જોવા મળે છે. દાહોદ જિલ્લામાં વર્ષ ૨૦૦૫ માં ૫ સબ-સ્ટેશન હતા. જ્યારે અત્યારે ૨૦ સબ-સ્ટેશન છે. અગાઉ ૪૨ ફિડરો હતા જે હવે ૧૫૬ છે. જ્યારે ટ્રાંસમિટરો ૪૫૦૦ હતા. જે સંખ્યા હવે વધીને ૧૯૦૦૦ થી વધુ ટ્રાંસમિટરો થયા છે. જિલ્લામાં બે દાયકામાં વિજ ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિઓ મેળવવામાં આવી છે.

તેમણે એમ પણ જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીના યશસ્વી નેતૃત્વમાં દેશમાં આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવવામાં આવી રહ્યો છે ત્યારે તેમણે વીજ ક્ષેત્રે આગામી ૨૫ વર્ષમાં દેશનું વિઝનને સપષ્ટ કર્યું છે. દેશે વીજ ક્ષેત્રે જે સિદ્ધિઓ મેળવી છે. તેને વધુ આગળ લઇ જતા આગામી ૨૫ વર્ષમાં કરવાના કામો માટેનો તેમણે નક્કર પાયો સ્થાપ્યો છે તેમ તેમણે ઉમેર્યું હતું.

કાર્યક્રમમાં સરકારી યોજનાનો લાભ લઈને નવું વીજ કનેકશન મેળવનારા તેમજ પ્રધાનમંત્રી કુસુમ યોજનાના લાભાર્થી નાગરિકોને લાભ અપાયા હતા. આ વેળાએ ચાર ફિલ્મો વીજ ઉત્પાદનની ક્ષમતામાં વધારો, એક રાષ્ટ્ર એક ગ્રીડ અને અક્ષય ઉર્જા, ગ્રાહક અધિકાર દર્શાવાય હતી. જેને ઉપસ્થિત નાગરિકોએ રસપૂર્વક નિહાળી હતી.

કાર્યક્રમમાં સુર્ય ઉર્જા સંબંધિત તેમજ છેવાડાના ગામ સુધી વીજળી પહોંચવાથી આવેલા બદલાવ વિશેનું નુક્કડ નાટક ભજવવામાં આવ્યું હતું અને પ્રધાનમંત્રી કુસુમ યોજના સહિતની યોજનાઓ વિશે વિગતે માહિતી અપાઈ હતી.મહાનુભાવોના વરદ હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

મદ્ય ગુજરાત વીજ કંપની લી. તેમજ પાવર ગ્રીડ કંપનીના સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી, મદયગુજરાત વીજ કંપનીના કાર્યપાલક ઈજનેર પી.એમ. થાનાવાલા, સુપ્રીટેન્ડેટ એન્જિનિયર એન.એ. શાહ, અગ્રણી કરણસિંહ ડામોર, રતનસિંહ રાઠોડ, બાવકાના સરપંચ લીલાબેન તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતા.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.285

પંચમહાલ સમાચાર

## વેજલપુર પંચાયતમાં ભ્રષ્ટાચાર એ માજા મૂકી લાખો રૂપીયાની ગ્રાન્ટ

# સી.સી.રોડ માટે ફળવાયા છતાં તકલાદી અને દેખાવ પુરતી કામગીરીને લઈ સ્થાનિકોમાં રોષ


તસ્વીર : નુર બાલા, વેજલપુર

વેજલપુર,
કાલોલ તાલુકાના વેજલપુર ગામમાં આવેલ હાઈવે રોડ થી મહાદેવ મંદિર થઈને નદી સુધીનો સીસી રોડ ચાર તબકકામાં ૨૦ લાખ રૂપીયાની ગ્રાન્ટ મંજુર કરવામાં આવી છે. સીસી રોડની કામગીરી કરતાં કોન્ટ્રાકટ દ્વારા હલ્કી ગુણવતાનું તેમજ માટી મેટલની કામગીરી વગર કપચી પાથરીને રોડ બનાવી દેવામાં આવતાં ભ્રષ્ટાચારની બુમો ઉઠવા પામી છે. સ્થાનિકો અને ગ્રામજનોએ યોગ્ય કામગીરીની રજુઆત કરતાં કોન્ટ્રાકટરના માણસો પણ સીસી રોડના કામ પહેલા ટકાવારી ચુકવવામાં આવી છે. જેથી આવું જ કામ થાય તેવા ઉદ્દઘત જવાબ આપવામાં આવી રહ્યો છે.

વેજલપુર ગામે હાઈવે રોડ થી મહાદેવ મંદિર થઈને નદી સુધીનો સીસી રોડ ચાર તબકકામાં એટલે પાર્ટ–૧, પાર્ટ–૨, પાર્ટ–૩, પાર્ટ–૪ એમ મળી ૨૦ લાખ રૂપીયાની ગ્રાન્ટ મંજુર કરવામાં આવી છે. આ સીસી રોડની કામગીરી શરૂ કરતાંની સાથે કોન્ટ્રાકટર દ્વારા હલ્કી ગુણવતાનું તેમજ માટી મેટલ નાખ્યા વગર કપચી પાથરીને ભરાઈ શરૂ કરવાના મામલે સ્થાનિકોએ વિરોધ કરતાં કોન્ટ્રાકટર અધુરી કામગીરી છોડીને નાશી છુટીયો હતો. હાલમાં કોન્ટ્રાકટર દ્વારા સીસી રોડના અધુરી કામગીરી શરૂ કરવામાં આવી છે. આ સીસી રોડ ઉપર માત્ર કપચી પાથરીને ભરાઈ કરવામાં આવી રહી છે. ત્યારે સ્થાનિક રહિશો દ્વારા લેબર કોન્ટ્રાકટરને સીડયુલ પ્રમાણે થોડું કામ કરો વધારે કરો તો કઈ નહિ ચાર ઈંચ સીસી રોડની ભરાઈ કરો અને મેટલ નાખીને વ્યવસ્થીત કામ કરવાની માંગ કરી હતી. ત્યારે હાજર કોન્ટ્રાકટરના માણસ દ્વારા ગ્રામજનોને અમારે તમામને પૈસા ચુકવવાના હોય છે. રોડની કામગીરી શરૂ થયા પહેલા ટકાવારી લઈ લેવામાં આવી છે. જેથી આ રીતે કામ થાય અને જો વ્યવસ્થિત કરુ તો અમને કંઈ મળે તેમ નથી. તેમ જણાવતાં સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો છે. સ્થાનિકો દ્વારા આ સીસી રોડની કામગીરી પહેલા કોને કોને પૈસા આપ્યા છે. તે લોકોને બોલાવો તો અમને ખબર પડે. ભ્રષ્ટ્રાચાર થી બનતા સીસી રોડ અંગે તાલુકા વિકાસ અધિકારીનો સંપર્ક કરતા મીડીયા કર્મીનો ફોન ઉપાડવામાં આવ્યો ન હતો. સીસી રોડ બાબતે મનરેગા શાખાના ફરજ બજાવતા એ.પી.ઓ. રાજુભાઈનો સંપર્ક કરતાં એ.પી.ઓ. એ ઉડાઉ જવાબ આપ્યા સાથે હાલમાં હડતાળ ઉપર છે જેથી મને ખબર નથી. તમારે વધારે જાણકારી માટે સકીલભાઈનો સંપર્ક કરવાનું કહેતા સકીલનો સંપર્ક કરીને સીસી રોડ બાબતે પુછતાં આ સીસી રોડ ચાર તબકકામાં મંજુર થયેલ છે. એક તબકકાની પાંચ લાખ રૂપીયા પ્રમાણે ૨૦ લાખ મંજુર થયેલ છે. કાલોલ તાલુકા પંચાયતના તમામ અધિકારી અને કર્મચારીઓને ભ્રષ્ટાચારની ખબર હોય તેમ છતાં કોન્ટ્રાકટરને છાવરવામાં આવી રહ્યા છે. વેજલપુરમાં ચાલતા સીસી રોડમાં ભ્રષ્ટાચાર અને ગેરરીતિમાં તાલુકા પંચાયતના અધિકારીઓની મીલીભગત હોવાનું ફલિત થઈ રહ્યું છે. ત્યારે આવા ભ્રષ્ટાચારરૂપ સીસી રોડની હલ્કી ગુણવતાની કામગીરીની તપાસ કોણ કરશે તેવા પ્રશ્નો ગ્રામજનોમાં ઉઠી રહ્યા છે.

# પંચમહાલ જીલ્લામાં પોલીસ દ્વારા બે દિવસમાં દેશી દારૂના ૯૧ ઉપરાંત કેસ કર્યા

## પોલીસ દ્વારા ભઠ્ઠીઓ અને દારૂનો નાશ કરવામાં આવ્યો

ગોધરા,
રાજ્યમાં કથિત લઠ્ઠાકાંડ બાદ પંચમહાલ જીલ્લા પોલીસ દ્વારા તમામ તાલુકાઓમાં દેશી દારૂના અઠ્ઠાઓ ઉપર રેઈડ કરવામાં આવી બે દિવસમાં દેશી દારૂના ૯૧ જેટલા કેસો નોંધાવામાં આવ્યા.

રાજયના ધંધુકા અને બોટાદ તાલુકામાં કથિત લઠ્ઠાકાંડમાં ઝેરી દારૂ પીવાથી ૪૦ ઉપરાંત લોકોના મોત નિપજાવા પામ્યા છે. જેને લઈ રાજ્યભરમાં દેશી દારૂના ખુલ્લે આમ થતા વેચાણ સામે લોકોનો રોષ ભભુકી ઉઠયો છે. તે જોતાં રાજ્ય સરકાર દ્વારા પોલીસે આવી ગેરકાયદેસર દેશી દારૂના અઠ્ઠાઓને નાશ કરવાના આદેશ કરવામાં આવ્યા છે. ત્યારે પંચમહાલ જીલ્લામાં પણ કથિત લઠ્ઠાકાંડના બનાવ બાદ પોલીસ સક્રિય થઈ છે અને દેશી દારૂના અઠ્ઠાઓ તેમજ ભઠ્ઠીઓ ઉપર રેઈડ કરવામાં આવી છે અને પોલીસ દ્વારા દેશી દારૂની ભઠ્ઠીઓ નાશ કરવામાં આવ્યો છે. જીલ્લામાં મોરવા(હ), ગોધરા, શહેરા વિસ્તારમાં છેલ્લા બે દિવસમાં દેશી દારૂના વેચાણ કરતાં ઈસમો સાથે ૨૮ કેસો નોંધાવામાં આવ્યા. જયારે વેજલપુર, કાલોલ, ઘોઘંબા, જાંબુઘોડા વિસ્તારમાં ૩૦ જેટલા દેશી દારૂના કેસ નોંધાવામાં આવ્યા. પોલીસે દેશી દારૂના અઠ્ઠાઓ અને ભઠ્ઠીઓ ઉપર રેઈડ કરી જમીનમાં દબાવી રાખેલ બેરલોના દારૂનો પણ નાશ કરવામાં આવ્યો. પંચમહાલ જીલ્લા પોલીસ રાજ્યમાં કથિત ઝેરી દારૂમાં મોત થતાં જાગી છે. પરંતુ જો દેશી દારૂના અઠ્ઠાઓ ઉપર આવી કામગીરી ચાલુ રાખે તો દારૂને લઈ થતાં મૃત્યુ આંક પણ ઘટશે તે નકકી છે.

### પંચમહાલ જીલ્લામાં બે દિવસમાં દેશી દારૂના અઠ્ઠાઓ ઉપર થયેલ કાર્યવાહી

| પોલીસ મથક | દારૂના કેસ |
|---|---|
| ગોધરા એ ડીવીઝન- બી ડીવીઝન | ૧૦ |
| ગોધરા તાલુકા | ૦૬ |
| શહેરા | ૦૮ |
| મોરવા | ૦૯ |
| કાંકણપુર | ૦૨ |
| વેજલપુર | ૦૪ |
| કાલોલ | ૧૪ |
| હાલોલ ટાઉન અને રૂલર | ૦૯ |
| પાવાગઢ | ૦૯ |
| ઘોઘંબા, રાજગઢ, દામાવાવ | ૧૩ |
| જાંબુઘોડા | ૦૫ |
| કુલ | ૯૧ |

# શ્રદ્ધા દીપ આશ્રમ શાળા-ગમાણી ખાતે નવીન મકાનનું ખાતમુહર્ત કરતા ધારાસભ્ય


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,
ઘોઘંબા તાલુકામાં આવેલ શ્રદ્ધા દીપ આશ્રમ શાળા ગમાણી ખાતે આશ્રમ શાળાના નવીન મકાનનું ખાત મુહુર્ત કાલોલના ધારાસભ્ય સુમનબેન ચૌહાણના હસ્તે કરવામાં આવ્યું. જેમાં તાલુકા પંચાયતના ઉપપ્રમુખ છેલુભાઈ રાઠવા, જિલ્લા શિક્ષણ સમિતિ પંચમહાલના ચેરમેન રમેશભાઈ રાઠવા, તાલુકા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ ગુણવંતસિંહ ગોહિલ, જિલ્લા પંચાયતના સદસ્ય ભુપેન્દ્રસિંહ સોલંકી, રમેશભાઈ રાઠવા તથા જિલ્લા પંચાયત સદસ્યો, તાલુકા પંચાયત સદસ્યો, પી.એસ.આઈ. આર.આર.ગોહિલ, શિક્ષક રાજેશકુમાર પટેલ, સરપંચઓ અને વિદ્યાર્થીઓના વાલીઓ તથા પંચાયત અને શાળાના શિક્ષકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

શ્રદ્ધા દિપ આશ્રમ શાળા ગમાણીમાં મોટી સંખ્યામાં ધોરણ ૧ થી ૧૨ ના વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. ત્યારે વિદ્યાર્થીઓને સારી સગવડો મળી રહે અને ઊંડાણના વિસ્તારમાં શિક્ષણનું સ્તર વધે તથા ડ્રોપ આઉટ દર ઘટે તે માટે સરકારના સઘન પ્રયત્નોથી રૂા. ૮૨ લાખની માતબર રકમનું વિશાળ મકાન તૈયાર થનાર છે. આદિવાસી સમાજના તમામ બાળકો ભણી અને ઉત્તમ શિક્ષણ પ્રાપ્ત કરે તેવા હેતુસર સૌએ આશિર્વચન વચન પાઠવ્યા હતા. સૌ પધારેલ મહેમાનોનું પુષ્પગુચ્છ અને સાલથી સૌનુ સ્વાગત કરવામાં આવ્યું હતું તથા શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા પ્રાર્થના, સ્વાગત ગીત, ટીમલી અને ગમાણીનું પ્રખ્યાત ગણાતું આદિવાસી નૃત્યનો અદભુત દેખાવ પણ કર્યો હતો.

શિક્ષણ સમિતિના ચેરમેન રમેશભાઈ રાઠવા અને છેલુભાઈ રાઠવા દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, સરકાર દ્વારા આપવામાં આવતી તમામ સગવડો એ આપણા ઊંડાણ વિસ્તારના બાળકોના શિક્ષણ માટે છે અને સૌ બાળકો આ સગવડોનો લાભ લે તે ખૂબ ઈચ્છનીય છે.

રાજગઢ પી.એસ.આઈ આર.આર. ગોહિલ દ્વારા જણાવવામાં આવ્યું કે, સમાજમાં વધતા જતા ગુનાઓનું પ્રમાણ હવે ઘટ્યું છે અને તેના માટે ખાસ કરીને શિક્ષણ જ ખૂબ જવાબદાર છે. જેથી આપણા આ ઊંડાણના વિસ્તારમાં દીકરા–દીકરીઓ વચ્ચેનો ભેદ ઓછો રાખવો અને શિક્ષણ તરફ વધારે લક્ષ આપવા માટે વાત કરી હતી. નૂતન કેળવણી મંડળના પ્રમુખ પંકજભાઈ દ્વારા સ્વાગત પ્રવચન પૂરૂં પાડીને સંસ્થાને મળેલા સરકારી લાભો વિશે સમજ આપી હતી. સાથે સાથે આ કાર્યક્રમ દરમિયાન મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.

## કેરોસીન રૂા.૯૮.૪૦ ડીઝલ કરતા મોંઘુ હોવા છતાં કાર્ડધારકો કેરોસીન મોંઘા ભાવે પણ લેવા તૈયાર છે પણ મળે છે કયાં...???

દે.બારીયા,
દાહોદ જીલ્લામાં સરકારની નીતિ કેરોસીન મુકત ગુજરાત અભિયાન હેઠળ કાર્ડધારકોને કાર્ડ ઉપર ગેસ કનેકશન છે. તેવો માપ દંડમાં આવરીને મોટાભાગના કાર્ડ ધારકોને કેરોસીન આપતા નથી અને બારોબાર કેરોસીનના ડેપોના માલીક સાથે સાંઠગાંઠ રચી કાળા બજારીમાં મોકલી દેવામાં આવતું હોય છે. પરંતુ હાલમાં પેટ્રોલ અને ડીઝલ કરતાં પણ વધુ ભાવે કેરોસીનના રૂા.૯૮.૪૦ થઈ જતાં કેરોસીનનું કાળા બજાર કરનારા વિસામણામાં મુકાયા છે. આ સંવેદનશીલ સરકારની મોતોપોલી કહે તો તે ખોટું નથી. આ પ્રમાણેની નીતિ લાવતા મોડું થઈ ગયું છે. પરંતુ દેર આયે દુરસ્ત આયે અત્રે ખાસ ઉલ્લેખનિય છે કે, લગભગ ૧૧૫૦/ના ભાવે ગેસ બોટલ જો આમ જનતા ખરીદી શકે છે. તો વધારાના ભાવે કેરોસીનના જરૂરીયાતવાળા કેરોસીન પણ ખરીદી કરવાના છે. ગ્રામીણના કાર્ડધારકોને કેરોસીનની ખાસ જરૂર પડે છે. જેથી વધારાના ભાવે પણ કેરોસીનનો ઉપાડ થવાનો છે. જેથી પુરવઠા તંત્રનો વિભાગ દુકાનદારોને કેરોસીનનો જથ્થો ઉપાડવા માટે આદેશ જારી કરીને કેરોસીન નહી ઉપાડવામાં આવે તો દંડાત્મક પગલાં ભરવામાં આવે તેવી બી.પી.એલ. અને અંત્યોદય કાર્ડધારકોની માંગ છે. દુકાનદારોને કેરોસીન જે પહેલા સસ્તા ભાવે મળતું હતું અને વધુ ૪૦ થી ૫૦ લીટરના ભાવ મળતા હતા. તે હવે મળતા ન હોય તો કોલસાની દલાલીમાં હાથ કાળા કોણ કરવા તૈયાર થશે.


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

અષાઢ વદ અમાસ અને દિવસાનો તહેવાર ની સાથે તે દિવસથી દશામાં ના વ્રતનો પ્રારંભ થાય છે. ત્યારે મહિલાઓ અને શ્રદ્ધાળુઓ માતાજીની મૂર્તિની ઘરે સ્થાપના કરી ૧૦ દિવસ શ્રદ્ધાપૂર્વક પૂજા અર્ચના કરી ભક્તિભાવ સભર ઉપવાસ કરી ધન્યતા અનુભવશે. અષાઢ વદ અમાસ અને દિવાસા થી તહેવારોનો અને દશામાંના વ્રતનો પ્રારંભ થાય છે. ત્યારે દશામાંની મૂર્તિ ખરીદવા મહિલાઓની ઘોઘંબા બજારમાં ભીડ જોવા મળી રહે છે. શ્રદ્ધાળુઓ ૧૦ દિવસ સુધી માતાજીની મૂર્તિની પૂજા અર્ચના, નૈવેદ્ય આરતી કરી ભક્તિભાવ સભર ઉપવાસ કરી વ્રત કરશે. જેની તૈયારીઓમાં માતાજીની પૂજા માટે પુજાપો, ચુંદડી, શણગાર વગેરે ખરીદી કરી શ્રદ્ધાપૂર્વક પોતાના ઘરે માતાજીની સ્થાપના કરી માં ના ગુણગાન સાથે પૂજા અર્ચના કરી ધન્યતા અનુભવશે.

### જીલ્લા રોજગાર કચેરી ગોધરા દ્વારા

## નીલકંઠ કોલેજ કાલોલ ખાતે તાલુકા કક્ષાનો રોજગાર ભરતી મેળો અને સ્વરોજગાર માર્ગદર્શન શિબીર યોજવામાં આવી

ગોધરા,
જિલ્લા રોજગાર વિનિમય કચેરી ગોધરા દ્વારા નીલકંઠ કોલેજ કાલોલ ખાતે ઉમેદવાર ભાઈઓ અને બહેનોને ખાનગી ક્ષેત્રમા રોજગારી અને સ્વરોજગારીની તકો મળે તે માટે તાલુકા કક્ષાનો રોજગાર ભરતી મેળો અને સ્વરોજગાર શિબીર યોજવામાં આવી.જેમાં પંચમહાલ, વડોદરા જીલ્લા ૦૮ નોકરીદાતા હાજર રહ્યા, ભરતી મેળામાં ૧૮થી ૩૫ વર્ષના ધોરણ ૧૦ પાસ,૧૨ પાસ, આઈટીઆઈ અને ગ્રેજયુએટ લાયકાત મુજબની ૬૦૦ જેટલી ટેકનીકલ નોન ટેકનીકલ જગ્યા માટે ૧૭૦ જેટલા ઉમેદવારોએ ઈન્ટરવ્યુ પ્રક્રીયામા ભાગ લીધો. જેમાંથી ૧૪૦ ઉમેદવારોની પ્રાથમીક પસંદગી કરવામા આવી હતી. જીલ્લા રોજગાર કચેરી દ્વારા ૨૮૯૭ જેટલા ઉમેદવારોને ભરતી મેળામાં ભાગ લેવા એસ એમ.એસ અને ઈમેલથી જાણ કરવામાં આવેલ હતી. ઉમેદવારોને આગામી દિવસોમાં ઘેર બેઠા રોજગારી નો લાભ લેવા અનુબંધમ પોર્ટલ www. anubandham. gujarat. gov.in પર અને નેશનલ કેરિયર સેન્ટર www.ncs.gov.in પર રજીસ્ટ્રેશન કરવા અને રોજગાર સેતુ હેલ્પલાઈન ૬૩૫૭૩૯૦૩૯૦ નો સંપર્ક કરવા તેમજ, સ્વરોજગારીમાં જોડાવા તેમજ સ્વરોજગારલક્ષી તાલીમ મેળવવા અને આર્મી ભરતી પૂર્વે વિના મુલ્યે ૩૦ દિવસની નિવાસી તાલીમમાં જોડાવા રોજગાર કચેરીમાં ફોર્મ ભરવા જીલ્લા રોજગાર અધિકારી એ.એલ.ચૌહાણ દ્વારા એક અખબારી યાદીમાં જણાવેલ છે.

## દાહોદના NSS એકમ દ્વારા કોલેજના વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજવામાં આવ્યો

દાહોદ,
તા.૨૭/૦૭/૨૦૨૨ ના રોજ દાહોદ અનાજ મહાજાન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના એન.એસ.એસ. એકમ દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અને કોલેજ આ વર્ષમાં ૫૦ વર્ષમાં પ્રવેશ કર્યો છે. તે અંતર્ગત પ્રથમ વર્ષમાં પ્રવેશ લીધેલ વિદ્યાર્થીઓ માટે NSS નો ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજવામાં આવ્યો હતો. આ ઓરિએન્ટેશનનો હેતું વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સેવા યોજનાની કામગીરી, મહત્વ, આત્મવિકાસ અને સમાજ સેવામાં એમની ભુમિકાની સમજ આપવાનો હતો. આ પ્રોગ્રામના તજજ્ઞ તરીકે એમ.એમ. ગાંધી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના પ્રોફેસર અને બેસ્ટ ગજ્જ પ્રોગ્રામ ઓફિસ માટે ‘‘રાષ્ટ્રપતિ એવોર્ડ’’ પ્રાપ્ત થયેલ એવા પ્રો.મયંકભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા. જેઓએ વિદ્યાર્થીઓને NSS વિશે પુર્ણ માર્ગદર્શન આપ્યું હતું. અંતમાં એમણે ક્યું ‘‘સારા માણસ વગર સમાજ પુર્ણ નથી થતો અને એન.એસ.એસ. થકી બીજું કઈ બની શકાય કે ન બની શકાય પરંતુ એક સારા માણસ કહો કે પછી આપણા દેશના એક સારા નાગરીક તો જરૂર બની શકાય છે.’’ આ કાર્યક્રમમાં ૨૨૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. તમામ કાર્યક્રમનું આયોજન કાર્યકારી આચાર્ય ડો.જી.જે. ખરાદી સરના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. પી.ઓ. ડો.શ્રેયસ પટેલ અને સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યું હતું.

# ‘આઝાદી કા અમૃત મહોત્સવ’ના ભાગરૂપે પંચમહાલ જિલ્લામાં વિજળી મહોત્સવનું કરાયું આયોજન



ગોધરા,
‘આઝાદી કા અમૃત મહોત્સવ’ ના ભાગરૂપે– ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી કરવા માટે, ઉર્જા અને પેટ્રોકેમિકલ મંત્રાલયના સહયોગથી પાવર મંત્રાલયે પંચમહાલ જિલ્લાના ગોધરા સ્થિત બી.આર.જી.એફ હોલ ખાતે વિજળી મહોત્સવ’નું આયોજન કરાયુ હતું. વિજળી મહોત્સવનો ઉપયોગ રાજય અને કેન્દ્ર સરકાર વચ્ચેના સહયોગની ઉજવણી કરવા અને પાવર સેક્ટરની મુખ્ય સિદ્ધિઓને પ્રકાશિત કરવા માટે એક મંચ તરીકે કરવામાં આવ્યો હતો. સમારોહના અધ્યક્ષ તરીકે જિલ્લા પંચાયતના પ્રમુખ કામિનીબેન સોલંકી અને વિવિધ અધીકારીગણ અને મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્યથી કાર્યક્રમની શરૂઆત કરાઈ હતી. આ પ્રસંગે બાલિકાઓ દ્વારા સ્વાગત ગીત રજૂ કરાયું હતું. મુલાકાતીઓ અને મહેમાનો સાથે જોડાવા માટે, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, નુક્કડ નાટક અને પાવર સેક્ટર પર ટૂંકી ફિલ્મોના સ્ક્રીનિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.આ સાથે વિવિધ મહાનુભાવોના હસ્તક લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણના પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. વીજળી ક્ષેત્રે થયેલ વિકાસ બાબતે ફિલ્મ પણ રજૂ કરવામાં આવી હતી.

આજે રાજયભરમા સરકારની વિવિધ યોજનાઓ થકી છેવાડાના વ્યકિત સુધી વિજળી પહોચી છે. વાત કરીએ વિગતે તો ૨૦૧૪ માં ૨,૪૮,૫૧૪ મેગાવોટથી વધીને આજે ૪,૦૦,૦૦૦ મેગાવોટ થઈ છે. ભારત હવે તેના પાડોશી દેશોમાં વીજળીની નિકાસ કરી રહ્યું છે. ૧,૬૩,૦૦૦ ckm ટ્રાન્સમિશન લાઈન ઉમેરવામાં આવી છે, જે સમગ્ર દેશને એક ફ્રિકવન્સી પર ચાલતા એક ગ્રીડમાં જોડે છે. લદ્દાખથી કન્યાકુમારી અને કચ્છથી મ્યાનમાર સરહદ સુધી તે વિશ્વની સૌથી મોટી સંકલિત ગ્રીડ તરીકે ઉભરી આવી છે. કુલ રૂ. ૨,૦૧, કરોડના ખર્ચ સાથે અમે છેલ્લાં પાંચ વર્ષમાં વિતરણ માળખાને મજબૂત બનાવ્યું છે. ૨,૯૨૧ નવા સબ–સ્ટેશનો બનાવીને, ૩,૯૨૬ સબ–સ્ટેશનોનું વિસ્તરણ કરીને, ૬,૦૪,૪૬૫ ckm LT લાઈન્સ ઈન્સ્ટોલ કરીને, ૨,૬૮,૮૩૮જેટલી ૧૧ KV HT લાઈન્સની સ્થાપના કરી ૧૨૨,૧૨૩ ckm કૃષિ ફીડરનું ફીડર અલગ કરીને ઈંસ્ટોલ કરવામાં આવ્યા છે.

વાત કરીએ પંચમહાલ જિલ્લાની તો છેલ્લા પાંચ વર્ષમાં ૧૧ નવીન ૬૬ કે.વી સબ સ્ટેશનો ઉભા કરવામાં આવ્યા છે. ૭૯ નવીન ૧૧ કે.વી વિજ ફિડરો, ૯.૦૬ કરોડના ખર્ચે ઉભા કરાયા છે. છેલ્લા પાંચ વર્ષમાં જિલ્લામાં ૨૨૮૨ વીજ ગ્રાહકોને સોલાર રૂફ ટોપ યોજનાનો લાભ આપી ૮.૮૦ મેગાવોટ સોલાર કેપેસીટી વધારવામા આવી છે. DIIS હેઠળ ૨૩૦ જેટલા કામો કુલ ૪.૧૧ કરોડના ખર્ચે કરવામાં આવ્યા છે. ખુશી યોજના અંતર્ગત કુલ ૩૧૯ નવા ટ્રાન્સફોર્મર ઉભા કરાયા છે. કિસાન સુર્યોદય યોજના હેઠળ જિલ્લાના ૧૮૯ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ખેતીવાડી વીજ જોડાણ યોજના હેઠળ જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં ૯૫ કરોડના ખર્ચે કુલ ૭૭૦૭ નવા જોડાણો અપાયા છે.

આજના આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ કામિનીબેન સોલંકી, જિલ્લા વિકાસ અધિકારી અર્જુનસિંહ રાઠોડ, જિલ્લા પંચાયત દંડક અરવિંદસિંહ પરમાર, એપીએમસી ચેરમેન રાજેન્દ્રસિંહ ચૌહાણ, એડિશનલ ચીફ વીજ અધિકારી આર.જે.નગેરિયા, એમજીવીસીએલ અધીક્ષક કાર્યપાલક ઈજનેર એન.એ.શાહ, જિલ્લા અગ્રણી અશ્વિનભાઈ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખો, વીજ કંપનીના વિવિધ અધિકારીગણ તથા જિલ્લાના વિવિધ લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.